
# હમ્મીરગઢ

લેખક
શાન્તમૂર્તિ મુનિરાજ
શ્રી જયન્તવિજયજી



પ્રકાશક
શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા
ગાંધીચોક, ભાવનગર

છ આના

# હમ્મીરગઢ

[ એક પ્રાચીન તીર્થનું સચિત્ર વર્ણન ]


લેખક અને સંગ્રાહક

ઇતિહાસપ્રેમી શાંતમૂર્ત્તિ

મુનિરાજ શ્રીજયંતવિજયજી



વીરનિ. સં. ૨૪૭૨] ધર્મ સં. ૨૪. [વિ. સં. ૨૦૦૨

મૂલ્ય છ આના

[ હમ્મીરગઢ તીર્થના કારખાનામાંથી ખરીદનારને એક કુટુંબ દીઠ એક નકલ ચાર આનામાં મળશે.

પ્રકાશકઃ—
ભાઈચંદ અમરચંદ શાહ, મંત્રી
શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા.
ભાવનગર ( કાઠિયાવાડ )

આવૃત્તિ પહેલી
૧૧૦૦

મુદ્રકઃ શેઠ ગુલાબચંદ દેવચંદ
આનંદ પ્રેસ ભાવનગર
( કાઠિયાવાડ )

સ્વ. શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય



શ્રી વિજયધર્મસૂરિ મહારાજ

જેમને

તીર્થભક્તિ અને તીર્થરક્ષા

પ્રાણસમી પ્રિય હતી

તે

સ્વર્ગસ્થ ગુરુદેવ

શ્રીવિજયધર્મસૂરીશ્વરજી

મહારાજને

સાદર સમર્પણ

## આર્થિક સહાયક

મુનિરાજ શ્રીવિશાલવિજયજીના સદુપદેશથી રાધનપુરનિવાસી શાહ ચીમનલાલ શિવલાલ સંપ્રિતચંદે પોતાનાં સ્વર્ગસ્થ ધર્મપત્ની શ્રાવિકા સીતાબાઇના સ્મરણાર્થે આપેલી આર્થિક સહાયતાથી આ પુસ્તિકા છપાવવામાં આવી છે.

# પ્રકાશકનું નિવેદન

જગત્પૂજ્ય શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય સ્વર્ગસ્થ શ્રીમાન્ વિજયધર્મસૂરિવર્યજી મહારાજશ્રીના એક લઘુ શિષ્ય, આબૂ અને શંખેશ્વર મહાતીર્થ વગેરે પુસ્તકોના લેખક, શાંતમૂર્ત્તિ શ્રીમાન્ મુનિરાજ શ્રીજયંતવિજયજી મહારાજે, તેમણે લખેલ 'હમ્મીરગઢ' તીર્થનો પરિચય પ્રકટ કરવા માટે અમોને આપ્યો છે તે સહર્ષ આ લઘુ પુસ્તિકા રૂપે જનતા સમક્ષ મૂકતાં અમને આનંદ થાય છે.

હમ્મીરગઢ એક પ્રાચીન જૈન તીર્થ છે. ત્યાંનું શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ પ્રભુજીનું આદર્શ, રમણીય, વિશાળ અને ગગનચુંબી આરસનું મંદિર અને તેની કોરણી જોતાં આબુ-દેલવાડાનાં આરસનાં ભવ્ય કોરણીવાળાં બન્ને મંદિરો યાદ આવે છે. ૪૫૦ વર્ષ પહેલાં અહીં પાટણ અને ખંભાત વગેરે શહેરોના સંઘો યાત્રા કરવા આવ્યા હતા, તેવા શિલાલેખો મળ્યા છે. પરંતુ અઢારમી શતાબ્દિમાં હમ્મીરગઢ ગામ ઉજ્જડ થયું ત્યારથી ત્યાં યાત્રાળુઓની અવર-જવર ઓછી થવાથી તેમ જ આ તીર્થ સિરોહી રાજ્યના પહાડી પ્રદેશમાં, રેલ્વે અને ધોરી રસ્તાથી દૂર એક ખૂણામાં આવેલું હોવાથી, આ તીર્થ ભુલાઈ ગયું હતું. શ્રીમાન્ જયંતવિજયજી મહારાજે આ તીર્થ સંબંધી લેખો લખીને તથા આ પુસ્તિકા લખી આપીને આ તીર્થને પ્રસિદ્ધિમાં લાવવા માટે સ્તુત્ય પ્રયાસ કર્યો છે. લોકો

આ પુસ્તિકા વાંચી હમ્મીરગઢ તીર્થ સંબંધી માહિતી મેળવશે, અને એ તીર્થની યાત્રા કરવા પ્રેરાશે અને ભુલાઈ ગયેલા આ તીર્થની પ્રસિદ્ધિમાં તથા ઉન્નતિમાં વધારો થશે તો લેખકનો, અમારો તથા સહાયકનો પ્રયાસ સફળ થયો ગણીશું.

શા. મૂ. મુ. મ. શ્રીજયંતવિજયજી મહારાજના શિષ્ય ગુરુભક્ત મુનિરાજ શ્રીવિશાલવિજયજી મ. ના સદુપદેશથી રાધનપુર (હાલ મુંબઈ) નિવાસી શાહ ચીમનલાલ શિવલાલ સંક્રિતચંદે આ પુસ્તિકા છપાવવા માટે સંપૂર્ણ આર્થિક સહાય આપી છે તેથી અમો તેમને ધન્યવાદ આપીએ છીએ. અને આવી રીતે તીર્થભક્તિ તથા જ્ઞાનભક્તિમાં પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરી તેમનું અનુકરણ કરવા માટે અન્ય સજ્જનોને ભલામણ કરીએ છીએ.

વિશ્વયુદ્ધને લીધે થયેલી અસાધારણ મોંઘવારી તથા પ્રેસ અને કાગળો ઉપરના નિયમનના લીધે આ પુસ્તિકા છપાવવામાં ખર્ચ વધારે લાગ્યું છે, તે કુલ ખર્ચ સહાયકે આપ્યું છે. છતાં પુસ્તિકાનો દુરુપયોગ ન થાય એટલા માટે સહાયકની ઇચ્છા અનુસાર આ પુસ્તિકાની કીંમત ૦-૬-૦ રાખી છે. પરંતુ હમ્મીરગઢ તીર્થના કારખાનામાંથી ખરીદનારને એક કુટુંબ દીઠ એક નકલ ૦-૪-૦ની કિંમતથી આપવામાં આવશે. આ પુસ્તિકાના વેચાણની જે કિંમત આવશે, તે જ્ઞાનકાર્યમાં જ વપરાશે.

—પ્રકાશક

यक्षराट् मणिभद्रो विजयतेतराम्

## પ્રાક્કથન

ઈતિહાસતત્ત્વમહોદધિ જૈનાચાર્ય શ્રીમાન્ વિજયેન્દ્રસૂરિવર્યજી મહારાજ તથા ન્યાયવિશારદ ન્યાયતીર્થ સ્વ. ઉપાધ્યાય શ્રી મંગલવિજયજી મહારાજ વિ. સં. ૧૯૮૨ ની સાલમાં, રાજકોટના પોલીટીકલ એજન્ટ મી. વોટસન સાહેબની શત્રુંજયતીર્થને અંગે મુલાકાત લેવા માટે, બ્યાવર–નયા શહેર (મારવાડ)થી આબુજી પધાર્યા હતા; અને આબુ કેંપમાં મી. વોટસન સાહેબની મુલાકાત લીધી હતી. તે વખતે આ પંક્તિઓનો લેખક અને મુનિ વિશાલવિજયજી પણ તેઓશ્રીની સાથે હતા. તે વખતે મારવાડથી આબુજી જતાં માર્ગમાં સિરોહી મુકામ કર્યો હતો, અને સિરોહીથી આબુજી જતાં, સિરોહાના "શ્રી મહાવીર જૈન મિત્ર મંડલ"ની આગ્રહભરી પ્રેરણાથી, સિરોહીના કેટલાક ઉત્સાહી યુવકોની સાથે "હમ્મીરગઢ" જવાનો પ્રસંગ બન્યો હતો. સિરોહીથી પ્રાતઃકાળમાં રવાના થઈને ત્યાં આશરે દસ વાગ્યે 'હમ્મીરગઢ' પહોંચ્યા હતા.

જઇને બધાની સાથે નીચેના મંદિરમાં પ્રભુજીનાં દર્શન કરીને પછી ટેકરી ઉપરનાં ત્રણે મંદિરોનું બારીકાઇથી નિરીક્ષણ સૌ સાથે કર્યું હતું. પછી આહારપાણી ( ભોજન )નું કામ પતાવીને બપોરના આરસના મંદિરમાં ગયા, ત્યાંના પાંચે શિલાલેખો ઉતારી લીધા, મંદિરની રચના, કોરણી અને કોરણીમાં કોતરાયેલાં દૃશ્યોનું બરાબર નિરીક્ષણ કરીને તેની નોંધો કરી લીધી. ૪–૫ કલાકમાં જેટલું કામ થયું તેટલું કરી લીધું. આબુજી જવાની ઉતાવળ હતી, છતાં આ અપૂર્વ મંદિરોના વિશેષ નિરીક્ષણ માટે એક દિવસ અહીં વધારે રોકાવાની અમારી ઇચ્છા થઈ, પરંતુ સાથે આવેલા શ્રાવકોએ અહીં જંગલ હોવાથી અને પૂરેપૂરો બંદોબસ્ત નહીં હોવાથી રાત રહેવાનો નિષેધ કરવાથી અમારે અહીંથી નિરુપાયે સાંજે પાંચ વાગ્યે વિહાર કરવો પડ્યો. (અત્યારે તો બધી સારી વ્યવસ્થા હોવાથી ગમે તેટલી રાતો સુધી અહીં આનંદથી રહી શકાય છે.) વિહાર કરીને સાંજે મેડાગામમાં પહોંચીને ત્યાં રાત રહ્યા. હમ્મીરગઢનાં મંદિરોમાં ૪–૫ કલાક રોકાયા, તે દરમ્યાન જરૂરી જરૂરી દરેક નોંધો કરી લીધી હતી. શિલાલેખ તો બધા ઉતારી લીધા જ હતા. જો એક દિવસ વધારે ત્યાં રહેવાનું બન્યું હોત તો

કોરણીમાં ખોદેલાં સુંદર દશ્યો અને મંદિરોની આસપાસની જગ્યાનું નિરીક્ષણ વધારે સારી રીતે થઈ શકત. છતાં જેટલી નોંધો કરી લીધી છે, એટલી આ પુસ્તિકા માટે પર્યાપ્ત છે.

ત્યારપછી આ તીર્થનો સંક્ષિપ્ત અહેવાલ, ગુજરાતી ભાષામાં લેખરૂપે લખીને આગરાથી તે વખતે પ્રકટ થતાં 'ધર્મધ્વજ'માં સં. ૧૯૮૪ માં પ્રકટ કરાવ્યો હતો, અને તેનો હિંદીભાષામાં અનુવાદ, સિરોહીથી તે વખતે પ્રગટ થતા 'જૈન સુધાકર'ના તા. ૧૬-૮-૨૯ અને તા. ૧-૯-૨૯ ના અંકોમાં પ્રગટ કરાવ્યો હતો. ત્યાર પછી તેને પુસ્તિકારૂપે પ્રગટ કરાવવાની ઘણા વખતથી ઇચ્છા હતી. પરંતુ બીજાં અનેક કાર્યોને લીધે આ કાર્ય હાથમાં લઈ શકાયું નહોતું. પરંતુ આ સમય દરમ્યાન ગ્રંથોમાંથી 'હમ્મીરગઢ' સંબંધીના ઉલ્લેખો મેળવવાનું ચાલુ રાખ્યું હતું. એટલે આટલો લાંબો વિલંબ થયો, તે પણ આ તીર્થ સંબંધી કંઈક વિશેષ સામગ્રી પ્રાપ્ત થવાથી લાભદાયક જ થયો છે, એમ સમજવાનું રહ્યું.

છેવટે મુનિ શ્રીવિશાલવિજયજીની સતત પ્રેરણાથી, માંડલ ગામમાં સં. ૨૦૦૧ ના ચોમાસાના પ્રારંભમાં આ કામ હાથમાં લઈને, આ લેખને પુસ્તિકારૂપે

પ્રગટ કરાવી જનતા સમક્ષ રજુ કરવા ભાગ્યશાળી થયો છું.

આ પુસ્તિકામાં છ પ્રકરણો આપ્યાં છે. તેમાં અતિહાસિક અને વર્તમાન સ્થિતિનું જે જે વર્ણન આપ્યું છે, તે વિષયાનુક્રમ ઉપરથી જાણી શકાય તેમ છે, તેથી તેનું પિષ્ટપેષણ અહીં કરવામાં આવ્યું નથી -તે હકીકત અહીં આપવામાં આવી નથી.

અમો 'હમ્મીરગઢ' સં. ૧૯૮૨ની સાલમાં ગયેલા એટલે ત્યાર પછી ૧૯ વર્ષમાં ત્યાં થયેલ ધર્મશાલા વગેરેનું સમારકામ, આરસના દેરાસરજીનો જીર્ણોદ્ધાર અને વર્તમાન સ્થિતિની દરેક હકીકતો, સેવાભાવી શ્રીયુત તારાચંદજી દોસી અને શ્રીયુત જસરાજજી ચૌધરીને સિરોહી વારંવાર પત્રો લખીને પુછાવવામાં આવી હતી, અને તેમણે ઘણી ખંત અને લાગણીથી દરેક હકીકતો જણાવી હતી, તથા પટ્ટાની નકલ ઉતારીને તેમણે મોકલી હતી, એટલે તેમને, તેમ જ શેઠ કલ્યાણજી પરમાનંદજીની પેઢીએ આ તીર્થના પાંચ બ્લોકો આ પુસ્તકમાં ઉપયોગમાં લેવા માટે આપ્યા છે તેને તથા આ પુસ્તિકાને અંગે જે કોઈએ થોડે ઘણે અંશે પણ સહાયતા આપી હોય તે સૌને ધન્યવાદ આપવામાં આવે છે.

જગત્પૂજ્ય સ્વર્ગસ્થ શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયધર્મસૂરિ ગુરુમહારાજશ્રીની પરમ કૃપાથી આ પુસ્તિકા તૈયાર કરવા હું સમર્થ થયો છું. આવું આવું અનેક સાહિત્ય તૈયાર કરવાનું તેઓશ્રી સામર્થ્ય અર્પે, એવી આશા રાખતો હું મારું કથન પૂર્ણ કરું છું.

મુ. માંડલ (જિ. અમદાવાદ)
શ્રા. શુ. ૧૫ ગુરુ, વીર સં. ૨૪૭૧
૨૩-૮-૪૫, ધર્મ સં. ૨૩
મુનિ જયંતવિજય

## હમ્મીરગઢનો તાજેતરમાં નીકળેલો સંઘ

વિ. સં. ૨૦૦૨ના મહા શુદિ ૭ ના રોજ, સિરોહી રાજ્યના માંડવાડા ગામથી, વાગડવાળા પૂ. મુ. મ. શ્રી બુદ્ધિવિજયજી મ. ના સદુપદેશથી શા. હિંદુજી સાંકળચંદજી તથા શા. ખીમાજી હરજી તરફથી હમ્મીરગઢ તીર્થનો છ 'રી' પાળતો સંઘ નીકળ્યો હતો. માંડવાડાથી હમ્મીરગઢ ૨૪ માઇલ થાય છે. સંઘ ધામધૂમથી નીકળ્યો હતો, અને સંઘમાં માણસ સારી સંખ્યામાં હતું. સંઘ હમ્મીરગઢ તીર્થમાં ત્રણ દિવસ રોકાયો તે દરમ્યાન આંગી, ભાવના, વિવિધ પૂજાઓ, સાધર્મીવાત્સલ્ય વગેરે ધર્મકાર્યો થયાં હતાં. પૂ. મુ. મ. શ્રી બુદ્ધિવિજયજી મ.ના હસ્તે સંઘવીઓને તીર્થમાળ પહેરાવવામાં આવી હતી.

અન્ય જૈનસદ્‌ગૃહસ્થો આ પુણ્યકાર્યનું અનુકરણ કરી ભવ્ય પ્રાણીઓને તીર્થયાત્રા કરાવવાનો લાભ લે એમ ઇચ્છીએ છીએ.

—પ્રકાશક

# વિષયાનુક્રમ

## પ્રારંભિક વિભાગ


ગુરુદેવને અર્પણ . . . . . . . ૩
આર્થિક સહાયક . . . . . . . ૪
પ્રકાશકનું નિવેદન . . . . . . . ૫
પ્રાક્કથન . . . . . . . ૭
હમ્મીરગઢનો હમણાં નીકળેલો સંઘ . . . ૧૧
વિષયાનુક્રમ . . . . . . . ૧૨
શુદ્ધિપત્રક . . . . . . . ૧૪


## પ્રકરણ પહેલું.


તીર્થ . . . . . . ૧


## પ્રકરણ બીજું


હમ્મીરપુર અથવા હમ્મીરગઢ . . . . . ૪
ઉત્પત્તિ અને નામ . . . . . . ૫
નાશ . . . . . . . ૬
મીરપુર . . . . . . . ૭
પ્રાચીનતા . . . . . . . ૮
જાહોજલાલી . . . . . . . ૯


## પ્રકરણ ત્રીજું


રસ્તા . . . . . . . ૧૧

## પ્રકરણ ચોથું

### (હમ્મીરગઢનાં જૈન મંદિરો)

(૧) આરસનું મુખ્ય મંદિર . . . . ૧૬
મંદિરની રચના . . . . . ૧૬
કોરણીમાં સુંદર દશ્યો . . . . ૧૮
આ મંદિર કોણે અને કયારે બંધાવ્યું ? . . ૧૯
યાત્રાતીર્થ . . . . . . ૨૨
શિલાલેખો . . . . . . ૨૪
મૂલનાયકજી . . . . . ૨૪
(૨-૩) ટેકરી ઉપરનાં બીજાં બે મંદિર . . . ૨૫
(૪) રસ્તા ઉપરનું મંદિર . . . . ૨૭

## પ્રકરણ પાંચમું

જીર્ણોદ્ધાર . . . . . . . ૩૧

## પ્રકરણ છઠ્ઠું

દેખરેખ અને વ્યવસ્થા . . . . ૩૭

## પરિશિષ્ટ પહેલું

હમીરગઢનાં જૈન મંદિરોના શિલાલેખો અને
તેનું ગુજરાતી ભાષાંતર . . . ૪૩

## પરિશિષ્ટ બીજું

પટ્ટા (દસ્તાવેજ)ની નકલ અને તેનું ગુજરાતી ભાષાંતર ૫૧

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૩ | ૭ | સર્વાત્કૃષ્ટ | સર્વોત્કૃષ્ટ |
| ૯ | ૧૫ | જન | જૈન |
| ૧૧ | ૬ | વરયું | વસ્યું |
| ૧૨ | ૨૩ | વાલડી | પાલડી. |
| ૧૬ | ૧૮ | પૂર્વજેનું | પૂર્વજોનું |
| ૨૦ | ૧૪ | આવનાસના | આવનારાના |
| ૨૧ | ૫ | પુક્તિકા | પુસ્તિકા |
| ૨૪ | ૨ | સ્તંભો | સ્તંભો, દેરીઓની બારશાખો |
| ૩૩ | ૧૪ | સિહોહીના | સિરોહીના |
| ૩૪ | ૩ | આપી છે | આવી છે |
| ૪૦ | ૩ | થવાથી | થવાની |
| ૪૨ | ૧૫ | ભવ્ય | ભવ્ય પ્રાણીઓ |
| ૪૪ | ૨ | **श्रयोऽर्थं** | **श्रेयोऽर्थं** |
| ૪૪ | ૧૬ | મંદિરમાંના | મંદિરમાંના બીજા |
| ૪૫ | ૭ | પૂંનમાલન | પૂંનમાલની |
| ૪૬ | ૪ | **स्नुत** | **सुत** |
| ૪૬ | ૧૬ | બન્ન | બન્ને |
| ,, | ૧૭ | લેપ | લેખ |
| ૪૭ | ૧૦ | ફુબા | ફૈઆ |

## મુ. શ્રી જયંતવિજયજીના કેટલાક ગ્રંથો

| | |
|---|---|
| વિહારવર્ણન (પ્રવાસવર્ણન) | ૦-૧૨-૦ |
| આબૂ (સચિત્ર આબૂ ગાઈડ) ભાગ ૧ | ૨-૮-૦ |
| અર્બુદ-પ્રાચીન-જૈન લેખસંગ્રહ (આબુ ભાગ બીજો) | ૩-૦-૦ |
| બ્રાહ્મણવાડા (ઐતિહાસિક તીર્થવર્ણન) | ૦-૪-૦ |
| હેમચંદ્ર વચનામૃત(સુભાષિતોનો સંગ્રહ) | ૦-૮-૦ |
| શંખેશ્વર મહાતીર્થ (સચિત્ર) | ૧-૪-૦ |
| ઉત્તરાધ્યયનસૂત્ર (કમલસંયમી ટીકા યુકત) ભા. ૨-૩-૪ દરેકના | ૩-૮-૦ |

## મુ. શ્રી વિશાલવિજયજીના ગ્રંથો

| | |
|---|---|
| સુભાષિત-પદ્ય-રત્નાકર ભા. ૧થી૪ દરેકના | ૧-૪-૦ |
| સંસ્કૃત પ્રાચીન સ્તવન સંદોહ | ૦-૩-૦ |
| સુભાષિત-પદ્ય-રત્નાકર ભાગ ૫ (જિનસ્તુતિઆદિ) | ૦-૧૦-૦ |

**શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા**

ગાંધીચોક : ભાવનગર (કાઠીયાવાડ)

છપાય છે !                    છપાય છે !!

# દ્વાષષ્ટિમાર્ગણાદ્વાર

સંગ્રાહક : મુનિરાજ શ્રી વિશાલવિજયજી

જીવવિચાર, નવતત્વ ને કર્મગ્રંથના અભ્યાસીઓ માટે ઉત્તમ પુસ્તક. આમાં વિવિધ દ્વારો ઉપર બાસઠ-બાસઠ માર્ગણાનું સુંદર પદ્ધતિએ વિવેચન કરવામાં આવ્યું છે. પરિચય, વિવેચન અને અંકવાર સંખ્યા આપી આ ગહન વિષયને સરળ કરવાનો પૂરતો પ્રયાસ કરવામાં આવ્યો છે. ક્રાઉન આઠ પેજી સાઇઝમાં આ ગ્રંથ છપાય છે. આજે જ ગ્રાહક બનો.

લખો :

શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા

દાધીચોક, ભાવનગર.

जगत्पूज्य-शास्त्रविशारद-जैनाचार्य-श्रीमद्विजयधर्मसूरि-

सद्गुरुभ्यो नमोनमः ।

# હમ્મીરગઢ

पार्श्वं जिरापल्लिजिनाधिनायकं,
श्रीधर्मसूरिं च गुरुं महोदयम् ।
नत्वा यथाधीबलमैतिहासिकं,
करोमि हम्मीरपुरस्य वर्णनम् ॥ १ ॥

## પ્રકરણ પહેલું : તીર્થ

तीर्यतेऽनेनेति तीर्थम् । જેનાથી તરાય તે તીર્થ.

સ્ટીમરો, વહાણો, હોડીઓ, ત્રાપા, પુલ, બાંધેલા ઘાટ, પાળા, બંધા વગેરે સાધનોથી સમુદ્રો, નદીઓ કે મોટાં મોટાં સરોવરોને સામે કિનારે પહોંચી શકાય છે, તેથી તે બધાંય તીર્થો કહી શકાય. પણ તે દ્રવ્ય કે બાહ્ય તીર્થો કહેવાય. જ્યારે, જેનાથી સંસારરૂપી સમુદ્ર તરીને તેને સામે કિનારે-મુક્તિધામમાં પહોંચી શકાય એ અભ્યંતર કે ભાવ (સાચું) તીર્થ કહી શકાય. દ્રવ્ય તીર્થ સ્ટીમર, વહાણ આદિ તો કયારેક ડૂબાડી પણ દે, પણ આ ભાવતીર્થથી તો કદી પણ ડુબવાની સંભાવના જ નથી.

માટે આ ભાવ તીર્થ જ ખરેખર આત્મકલ્યાણ કરવામાં હિતકારક હોવાથી, ભાવ તીર્થને જ તીર્થ કહેવામાં આવે છે.

આ ભાવ તીર્થના સ્થાવર અને જંગમ એવા બે ભેદ પાડી શકાય છે. શ્રી તીર્થંકર ભગવંતોએ સ્થાપેલ **પ્રથમ ગણધર** અથવા **ચતુર્વિધ સંઘને** મુખ્ય રીતે જંગમ તીર્થ કહેવામાં આવે છે. અને તેથી જ તમામ ગણધરો, વિચરતા કેવળી ભગવંતો અને મહર્ષિઓ-મુનિરાજો પણ જંગમ તીર્થ કહી શકાય છે; જ્યારે તીર્થંકર ભગવંતોની કલ્યાણકભૂમિઓ, તીર્થંકર ભગવંતોના, ગણધરોના અને કેવળી ભગવંતોનાં ચરણોથી પવિત્ર થયેલી ભૂમિઓ, જે સ્થળોએથી ઘણા મુનિવરોએ મુક્તિ મેળવી હોય એવાં સ્થળો, જિનેશ્વર ભગવંતોની મૂર્ત્તિઓ, પાદુકાઓ, સ્તૂપો, જિન-ગણધરમંદિરો, જ્ઞાનમંદિરો, ગુરુમંદિરો વગેરે સ્થાવર તીર્થ કહેવાય છે. આવાં ભાવ તીર્થોના સમાગમથી આત્મકલ્યાણ સાધી શકાય છે, માટે તેની ઉપાસના-સેવા-ભક્તિ કરવી અતિ જરૂરી છે.

જૈન તીર્થો, એ કાંઈ કોરા મૂર્ત્તિઓથી ભરેલા ભંડારો જ નથી, આત્મકલ્યાણ સાધવાના કેવળ સાધન માત્ર જ નથી; પરંતુ જૈનોનાં તીર્થો એટલે તે વખતનો બોલતો ઇતિહાસ; જૈનોનાં તીર્થો એટલે કળાનાં અદ્‌ભૂત ધામ; જૈનોનાં તીર્થો એટલે સૃષ્ટિસૌંદર્યનો અપૂર્વ ખજાનો; જૈનોનાં તીર્થો એટલે જૈનોની આબાદી, વૈભવ અને

જાહોજલાલીનાં સ્મૃતિચિહ્નો; જૈનોનાં તીર્થો એટલે **ભગવાન્** મહાવીરના કીર્ત્તિકલશો અને તેનાં કર્તાઓનાં અમર સ્મારકો.

જૈનો જો વર્તમાન કાળના ઇતિહાસમાં પોતાનું સ્થાન ટકાવી શકયા હોય તો તે તેમનાં પ્રાચીન, ભવ્ય અને સમૃદ્ધ–આલિશાન મંદિરોને તથા તેમના વિપુલ, સર્વાંગીણ અને સર્વોત્કૃષ્ટ સાહિત્યને જ આભારી છે.

આવાં પ્રાચીન અને કલાસમૃદ્ધ તીર્થોમાંનું '**હમ્મીરગઢ**' પણ એક તીર્થ છે. પરંતુ તે સિરોહીરાજ્યમાં, પહાડી પ્રદેશમાં, રેલ્વે લાઇનથી દૂર, એક ખૂણામાં પડી ગયેલું હોવાથી આ તીર્થ હાલમાં ભુલાઈ ગયું છે. તેથી શોધખોળપૂર્વક તેનું સંક્ષિપ્ત વર્ણન લોકોની જાણ માટે અહીં આપવામાં આવે છે.

## પ્રકરણ બીજું : હમ્મીરપુર અથવા હમ્મીરગઢ

**સિ**રોહી રાજ્યની સિરોહી તહેસીલ( પરગણા )માં **સિ**રોહીથી નૈઋત્ય ખૂણામાં ૯ માઇલ દૂર, **સિં**દરથથી દક્ષિણ નૈઋત્યમાં ૩ માઇલ દૂર, હણાદ્રાથી ઈશાન ખૂણામાં ૧૩ માઇલ દૂર, **મે**ડાથી ઈશાન ખૂણામાં ૩ માઇલ દૂર, **સિ**રોહીથી હણાદ્રા (**અ**ણાદરા) તરફ જતી જીર્ણશીર્ણ સડક( રસ્તા )થી લગભગ અરધો માઈલ દૂર '**મી**રપુર' નામનું ગામ છે. આ **મી**રપુરથી પૂર્વ દિશામાં લગભગ એક માઈલ દૂર **આ**બુના પશ્ચિમી ઢાળની તલેટીમાં આ સ્થાન આવેલું છે. આ સ્થાન ઘણું પ્રાચીન હોવાનું જણાય છે, અને તે '**હમ્મીરપુર**' અથવા '**હમ્મીરગઢ**' નામથી લોકોમાં પ્રસિદ્ધ છે. તેની ત્રણ બાજુમાં પહાડની હારમાળા આવેલી છે, જ્યારે પશ્ચિમ તરફ મેદાન છે. પર્વતની નાની નાની ટેકરીઓ ઉપર આ શહેર વસેલું હતું. પર્વતરૂપી કિલ્લાથી વિંટાયેલું હોવા છતાં અત્યારે આ નગર સાવ ઉજ્જડ થઇ ગયું છે. ચાર જૈન મંદિરો, એક જૈન ધર્મશાલા, એક મોટી અને પ્રાચીન વાવ, એક નાનું શિવાલય, ટેકરી ઉપર તૂટયો-

ફૂટયો કિલ્લો અને થોડાંક મકાનોનાં ખંડેરો સિવાય બાકી બધુંય નામાવશેષ-નષ્ટ થઈ ગયું છે. ફક્ત ઉપર્યુક્ત ચાર જૈન મંદિરો, એક જૈન ધર્મશાળા, એક નાનું શિવાલય અને એક વાવ કાળ-રાજાના સપાટામાંથી બચી જવા પામેલ છે.

## ઉત્પત્તિ અને નામ—

'ગુજરાતનાં ઐતિહાસિક સાધનો' નામના પુસ્તકમાં 'ગઢ અને પ્રાચીન શહેરોની વિગત' નામના પ્રકરણમાં લખ્યું છે કે-" વિ. સં. ૮૦૮માં દેવડા હમીરે હમીરપુર વસાવ્યું. અને હમીરને ઘેર દેવી આવી, તેથી તે અને તેના વંશજો દેવડા કહેવાણા." જો આ વાત સાચી[1] ઠરે તો આ ગામ, લગભગ બારસો વર્ષનું પ્રાચીન હોવા સાથે આ ગામનું મૂળ નામ '**હમીરપુર**' હતું, એમ સાબિત થાય છે, અને અહીં મજ-

---

૧. આ પ્રદેશમાં દેવડા રજપૂતોની વસ્તી પહેલાં હતી અને અત્યારે પણ છે. સિરોહીના ચૌહાણ મહારાવના રાજવંશીઓ અને તેમના કુટુંબીઓ દેવડા રજપૂતો છે. સિરોહીના મહારાવ દેવડા લુંઢાજીએ વિ. સં. ૧૩૬૮ લગભગમાં ચંદ્રાવતી અને આબુના પરમારોને જીતીને તેનું રાજ્ય પડાવી લીધું હતું. એટલે તે પહેલાં પણ આ તરફમાં દેવડા રજપૂતોની વસ્તી હતી. તેથી દેવડા ઠાકોર હમીરે હમ્મીરપુર વસાવ્યું હોય, એ વાત માની શકાય તેવી લાગે છે.

જૂત લડાયક કિલ્લો બનેલો હોવાથી લોકોમાં તે **'હમીરગઢ'** નામથી પ્રસિદ્ધિ પામ્યું જણાય છે. પ્રાચીન તીર્થમાલાઓ અને પટ્ટાવલીઓમાં પણ આ ગામનું નામ હમીરપુર અને હમીરગઢ આપેલું જોવામાં આવે છે. તેથી આ ગામનાં ઉપર્યુક્ત નામો તથા તેની પ્રાચીનતા પુરવાર થાય છે.

ઉપર્યુક્ત એક પ્રમાણ સિવાય આ નગરની ઉત્પત્તિ માટે બીજા ઉલ્લેખો મને મળ્યા નથી, તેમજ આ રાજ્યના અને તેના રાજાઓના ઇતિહાસ કે જાહોજલાલી સંબંધી તથા તેના નાશ સંબંધી પણ કંઈ વિશેષ જાણવામાં આવ્યું નથી. ઇતિહાસતત્ત્વનિષ્ણાત મ. મ. રાવબહાદૂર ગૌરીશંકર હીરાચંદ ઓઝા જેવાએ પણ પોતે લખેલા '**सिरोही राज्यका इतिहास**'માં 'હમીરપુર'નું નામ આપવા સિવાય તેની ઉત્પત્તિ, જાહોજલાલી કે નાશ સંબંધી કશુંય લખ્યું નથી.

**નાશ—**

આ નગર અને કિલ્લાનો નાશ કોણે અને ક્યારે કર્યો? અથવા શાથી થયો? તે સંબંધમાં કંઈ જાણવામાં આવ્યું નથી. સંભવ છે કે–મુસલમાની ફોજોના આક્રમણથી,[૨] ચોર-લૂંટારા–ડાકુઓના અત્યાચારથી કે

---

૨. શ્રી જ્ઞાનવિમલસૂરિજીએ વિ. સં. ૧૭૫૫ માં રચેલી તીર્થમાલામાં હમ્મીરગઢમાં ચાર જિનમંદિરો વિદ્યમાન હોવાનું

પર્વત પરથી પડતા ધોધમાર પાણીના મારથી આ શહેર-નો અને કિલ્લાનો નાશ થયો હશે. અહીં અત્યારે વસ્તીવાળું એક ઝૂંપડું સરખું પણ નથી.

## મીરપુર—

હમીરગઢનો નાશ થઈ ગયા પછી અહીંના ખેડૂતો, મજૂરો વગેરે અહીંથી એક માઈલ દૂર મેદાનમાં જઈને વસ્યા હશે, અને તેથી આ ગામનું નામ 'હમીરપુર' ના અપભ્રંશથી, મુસલમાનોએ પાડવાથી અથવા અહીં વિશેષે કરીને મીયાણા લોકોની વસ્તી હોઈ તેઓ કદાચ 'મીર' જાતિના હોય તેથી આ ગામનું નામ '**મીર-**

---

લખ્યું છે. તેઓએ હમ્મીરગઢની યાત્રા કરી હશે જ એટલે ત્યાં સુધી અહીં જૈનોની વસ્તી સારી હશે, અને શહેર પણ આબાદ હશે, એમ લાગે છે. ત્યારપછીના નજીકના સમયમાં જ એટલે અઢારમી શતાબ્દિના ઉત્તરાર્ધમાં ઔરંગજેબ અથવા તેમના સૂબાઓની ફોજોનાં આક્રમણથી–તેમની સાથે થયેલ લડાઈમાં; અથવા તો તે વખતના સિરોહીના મહારાવ સાથે કંઈક અથ-ડામણ થઈ હોય અને તેને અંગે થયેલા યુદ્ધમાં અહીંના રાજ-વંશનો અને તેની સાથે આ નગર તથા કિલ્લાનો પણ નાશ થયો હોય, અને આ પ્રદેશ સિરોહી રાજ્યે પોતાના રાજ્યમાં ભેળવી દીધો હોય–ખાલસા કરી દીધો હોય તો તે પણ બનવા-યોગ્ય છે. ગમે તેમ હોય પણ આ શહેરનો અઢારમી શતાબ્દિના ઉત્તરાર્ધમાં નાશ થયો હોય, એમ જણાય છે.

પુર ’ પડયું હોય એમ જણાય છે. મીરપુરમાં ફક્ત મીયાણા અને ભીલો વગેરેની જ વસ્તી છે.

**પ્રાચીનતા—**

આગળ કહેવામાં આવ્યું છે તેમ જો આ ‘ હમીર-પુર ’ શહેર દેવડા હમીરે વિ. સં. ૮૦૮માં વસાવ્યાની વાત સાચી હોય, તો આ શહેરની પ્રાચીનતામાં જરાયે શંકા રહેતી નથી. તેમજ અહીંના રસ્તા ઉપરના જૈન મંદિરમાંના, આરસના પ્રાચીન ચોવિશીનો પટ્ટ તથા બે કાઉસ્સગ્ગિયા ( ઊભી મૂર્ત્તિઓ ) પરના વિક્રમની તેરમી અને ચૌદમી શતાબ્દિના ત્રણ લેખો પણ આ શહેરની પ્રાચીનતાને સિદ્ધ કરે છે. પરંતુ આ ત્રણે શિલાલેખોમાં હમીરપુરનું નામ નહિ હોવાથી કદાચ તે ત્રણે મૂર્ત્તિઓ પાછળથી બહારગામથી લાવ્યાની પણ સંભાવના થઈ શકે. તેમ છતાં આ શહેરની પ્રાચીનતા નષ્ટ થતી નથી. “ જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ ” પ્રથમ ભાગ ( સિંઘી જૈન ગ્રંથમાલા, ગ્રંથાંક ૧૮ ) ના પૃષ્ઠ ૯૮ માં ‘ શતપદિકા ’ નામની વિ. સં. ૧૩૨૮ માં લખાયેલી હસ્તલિખિત પ્રતિની એક પ્રશસ્તિ આપી છે. તેમાં લખ્યું છે કે-હમીરપત્તન વાસ્તવ્ય, પલ્લીવાલજ્ઞાતીય, શેઠ સાલ્હ-ડના પુત્ર શેઠ કડુઆએ પોતાના ભાઇ ઉદ્દા શ્રાવકના કલ્યાણ માટે શ્રી બાહડમેરુ( બાઢમેર )ના શ્રી મહાવીર-ચૈત્યમાં શ્રી પાર્શ્વનાથ બિંબ વિ. સં. ૧૩૨૭ માં સ્થાપન કર્યું. ( આ પ્રશસ્તિમાં, આ કડુઆ શ્રાવકના પૂર્વજો

તથા વંશજોનું સંક્ષિપ્ત પણ ઠીક ઠીક વર્ણન આપ્યું છે.) આ શાસ્ત્રીય પ્રમાણ આ હમીરપુરની પ્રાચીનતાને સિદ્ધ કરે છે. તેમજ આ વાતને અહીંના આરસના મંદિરની દીવાલોમાં કોતરાયેલા લેખો અને તીર્થમાલાઓ વગેરે-માંથી મળી આવતા ઉલ્લેખો પણ પુષ્ટિ આપે છે. ઉક્ત આરસના મંદિરની દીવાલોમાં વિ. સં ૧૫૫૦ થી ૧૫૫૯ સુધીના પાંચ લેખો ગોખલા અને દેરીઓ કરાવ્યાના તથા યાત્રા કર્યાના ખોદાયેલા છે. મૂળ મંદિર બન્યાનો લેખ નથી. એટલે મૂળ મંદિર તો તેથીયે પહેલાં બનેલ હોવું જ જોઇએ. એટલે આ નગર વિ. સં ૧૫૫૦ માં અને તેથી પહેલાં પણ વિદ્યમાન હોવાનું નિઃસંદેહ માની શકાય તેમ છે. એટલે આ શહેરની પ્રાચીનતામાં હવે કંઇ પણ શક જેવું રહેતું નથી.

**જાહોજલાલી--**

'જૈન સાહિત્ય સંશોધક' ખંડ ૧, પૃ. ૫૨ માં જણાવ્યું છે કે પાર્શ્વચંદ્ર ગચ્છના શ્રી પાર્શ્વચંદ્રસૂરિજી મ. આ 'હમીરપુર'ના રહેવાસી હતા. હમીરપુરનિવાસી પોરવાડ જ્ઞાતિના વેલ્લાશાહ અને તેમની ધર્મપત્ની વિમલા દેવીના પુત્રે સાધુરત્ન નામના મુનિ પાસે દીક્ષા લીધી હતી, જેનું નામ પાર્શ્વચંદ્ર પાડ્યું હતું. એમના નામથી પાછળ-થી પાર્શ્વચંદ્ર ગચ્છ કહેવાયો. તેમનો જન્મ વિ. સં. ૧૫૩૭ ચૈત્ર સુદિ ૯ શુક્રવારે થયો હતો. વિ. સં. ૧૫૪૬ માં દીક્ષા, સં. ૧૫૫૪ માં ઉપાધ્યાયપદ, સં. ૧૫૬૪ માં

ક્રિયોદ્ધાર, સં. ૧૫૬૫ માં સૂરિપદ, સં. ૧૫૯૯ વૈશાખ સુદિ ૩ યુગપ્રધાનપદ અને સં. ૧૬૧૨ના માગશર સુદિ ૩ ને દિવસે તેમનો દેહોત્સર્ગ ( સ્વર્ગવાસ ) થયો [3]હતો.

'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ,' પૃ. ૫૧૯ માં લખ્યું છે કે-કુતુબપુરા તપાગચ્છીય શ્રી ઈંદ્રનંદિસૂરિજીના પટ્ટધર શ્રી સૌભાગ્યનંદિસૂરિજીએ હમીરપુરમાં રહીને વિ. સં. ૧૫૭૬ માં શ્રીમૌનએકાદશીની કથા રચી.

ઉપર જણાવ્યા પ્રમાણે એક ગચ્છસંસ્થાપક આચાર્યનો અહીં જન્મ થયો છે, અને બીજા આચાર્યે અહીં સ્થિરતા કરીને ગ્રંથની રચના કરી છે, તેથી જણાય છે કે-અહીં ઘણા સૂરિવર્યો અને મુનિપુંગવો વિચરતા જ હશે, તેથી અહીં કુડુઆ જેવા અનેક શ્રાવકકુટુંબો વસતાં હશે. તેના પ્રમાણમાં બીજી કોમોની વસ્તી પણ હશે જ. તેથી આ નગરની તે સમયમાં કેટલી જાહોજલાલી હશે ? તે સહજે સમજી શકાય તેમ છે.

આ સ્થળે અત્યારે ચાર જિનમંદિરો છે, તેમાંનાં ત્રણ નાની નાની પર્વતની ટેકરીઓ પર આવેલાં છે. તે ત્રણે મંદિરો અત્યારે મૂર્ત્તિઓ વિનાનાં સાવ ખાલી છે. જ્યારે એક મંદિર જે નીચે મેદાનમાં રસ્તા ઉપર આવેલું છે, તેમાં જિનમૂર્ત્તિઓ બિરાજમાન છે. તેની વિશેષ હકીકત મંદિરોના પ્રકરણમાં લખવામાં આવશે.

---

૩. સને ૧૮૯૪ ના જુલાઇ માસના 'ઇન્ડીયન એન્ટીકવેરી'ના પૃ. ૧૮૧માં આપેલી 'પાર્શ્વચંદ્ર ગચ્છની પટ્ટાવલી'માં સં. ૧૫૬૪ માં ક્રિયોદ્ધાર કર્યાનું અને એ જ સાલમાં યુગપ્રધાન થયાનું લખ્યું છે.

# પ્રકરણ ત્રીજું : રસ્તા

આ તીર્થની યાત્રા કરવા ઇચ્છનારા મારવાડ તરફથી વિહાર કરીને આવતા મુનિરાજોએ તથા સાધ્વીજીઓએ સિરોહી[4]થી ૬ માઇલ, સિંદરથ[5] જઇને ત્યાંથી ૪

---

૪. સિરોહી: આ રાજપુતાનામાં આવેલ સિરોહી સ્ટેટનું મુખ્ય શહેર છે, અને તે સં. ૧૪૮૨ માં વસ્યું છે. સજ્જનરોડ (પીંડવાડા) સ્ટેશનથી સિરોહી જતાં વચ્ચે–સ્ટેશનથી આશરે ચાર માઇલ દૂર શ્રી 'બ્રાહ્મણવાડજી' નામનું પ્રાચીન તીર્થ આવે છે, તેની યાત્રાનો લાભ મળી શકે છે. સિરોહીમાં ૧૭ જિનમંદિરો છે. તેમાંથી ૧૫ તો એક જ શેરીમાં–દેરાશેરીમાં આવેલાં હોવાથી તેમજ કેટલાંક મંદિરો ઘણાં જ ભવ્ય, રમણીય, વિશાળ અને ગગનચુંબી હોવાથી સિરોહી અરધો શત્રુંજય કહેવાય છે. અહીં તપાગચ્છ, ખરતરગચ્છ, લોંકાગચ્છ વગેરેના ઉપાશ્રયો, આયંબિલ વર્ધમાન તપખાતું, જૈન ધર્મશાલા, શેઠ 'કલ્યાણજી પરમાનંદજી' આ નામની શ્રીસંઘની પેઢી, શ્રી મહાવીર જૈન મિત્રમંડળ, શ્રી જયવિજય જૈન પુસ્તકાલય, દાદાવડી, સંઘનો બગીચો વગેરે સ્થાનો અને શ્રાવકોનાં લગભગ ૬૦૦ ઘર છે. યાત્રા કરવા યોગ્ય છે. અહીંથી જોરા–મગરા પ્રાંતમાં જવાય છે.

૫. સિંદરથ : આ સિરોહી રાજ્યનું ગામ છે. અહીં દેરાસર, ઉપાશ્રય અને શ્રાવકોનાં દશેક ઘર છે.

માઈલ હમીરગઢ જવું અને ગુજરાત તરફથી આવનારા-
ઓએ [૬]ડીસાકેંપથી મઢાર[૭] થઈને અણાદરા[૮] (હણાદ્રા)

---

૬. ડીસાકેંપ (નવા ડીસા) માં દેરાસર, ઉપાશ્રય અને શ્રાવકોનાં આશરે પચીશેક ઘર છે. તેની પાસે 'જૂના ડીસા' નામનું જૂનું ગામ છે. તેમાં જિનમંદિરો ૨, ઉપાશ્રયો, ધર્મ-શાળા તથા શ્રાવકોનાં આશરે ૪૦૦ ઘર વગેરે છે. તેની નજીકમાં જ 'રાજપુર' નામનું ગામ છે. તેમાં દેરાસર, ઉપાશ્રય, શ્રી કર્પૂરવિજયજી જૈન પાઠશાળા તથા શ્રાવકોનાં આશરે ૮૦ ઘર વગેરે છે. આ ત્રણે ગામો પાલણપુર સ્ટેટનાં છે.

૭. મઢારઃ આ સિરોહી સ્ટેટના પરગણાનું ગામ છે. ગામ મોટું છે. અહીં જિનાલયો, ઉપાશ્રયો વગેરે છે અને શ્રાવકોનાં આશરે બસો ઘર છે.

૮. હણાદ્રા (અણાદરા) સિરોહી રાજ્યનું પ્રાચીન ગામ છે. અહીં શ્રી મહાવીરસ્વામીજીનું પ્રાચીન, ભવ્ય અને વિશાળ જિનાલય છે. જૈન ધર્મશાળા, ઉપાશ્રય અને શ્રાવકોનાં આશરે ૩૨ ઘર છે. આબુ પહાડની પશ્ચિમ તરફની તલેટીનું આ ગામ છે, અર્થાત્ અહીંથી પૂર્વ દિશામાં બે માઈલ દૂર આબુ પહાડ છે, ત્યાંથી આબુ ઉપર ચડવાનો રસ્તો છે, કાચી સડક બાંધેલી છે. ઘી, દૂધ, શાક–ભાજી, લાકડાં, અનાજ વગેરે પાડા, પોઠીયા, ઘોડાં અને મજુરો દ્વારા આ રસ્તેથી આબુ ઉપર વેચવા માટે હમેશાં લોકો લઈ જાય છે. તેથી આ રસ્તો કાયમ ચાલુ રહે છે. હણાદ્રાથી સિરોડી જતાં વચ્ચે માર્ગમાં જ હણાદ્રાથી ચાર માઈલ દૂર વાલડી નામનું સિરોહી સ્ટેટનું નાનું ગામ આવે છે, તેમાં પ્રાચીન દેરાસર ૧, ઉપાશ્રય ૧ અને શ્રાવકોનાં ચાર ઘર છે.

આવવું અથવા આબુજીની યાત્રા કરીને ત્યાંથી પાછળના રસ્તે ઊતરીને પશ્ચિમ તરફની તલેટીમાં આવેલા **અણાદરા** ગામે આવવું. ત્યાંથી ૬ માઈલ [૯] **સી**રોડી, ત્યાંથી ૨ માઇલ **સ**ણવાડા,[૧૦] ત્યાંથી ૪ માઈલ [૧૧] **મે**ડા, ત્યાંથી ૩ માઇલ **મી**રપુર અને ત્યાંથી ૧ માઇલ હમીરગઢ આવવું. જો સંઘ અથવા શ્રાવકો સાથે હોય તો અહીં રાતવાસો અથવા અનુકૂળતા પ્રમાણે જેટલા દિવસ રહેવું હોય તેટલું રહી શકાય છે. પણ જો સાથે શ્રાવકો ન હોય અને કારખાના તરફથી થતી વ્યવસ્થાના આધારે અહીં રોકાવાની ઇચ્છા ન હોય તો

---

૯. સિરોડીઃ આ સિરોહી સ્ટેટનું ગામ છે. અહીં જિનાલય ૧, ઉપાશ્રય ૨ અને શ્રાવકોનાં આશરે ૬૦ ઘર છે.

૧૦. સણવાડાઃ આ સિરોહી સ્ટેટનું ગામ છે. અહીં દેરાસર ૧, ઉપાશ્રય ૧ અને શ્રાવકોનાં આશરે પંદરેક ઘર છે.

૧૧. મેડાઃ આ સિરોહી રાજ્યનું ગામ છે. અહીં પ્રાચીન અને ભવ્ય જિનમંદિર ૧, ઉપાશ્રય ૨ અને શ્રાવકોનાં આશરે ૨૫ ઘર છે. સરૂપગંજ (રોહીડા રોડ) સ્ટેશનથી મેડા આવતાં માર્ગમાં ભાવરી અને નીતોડા ગામનાં જિનમંદિરોનાં દર્શનનો લાભ મળી શકે છે. નીતોડામાં પ્રાચીન, વિશાળ અને ભવ્ય બાવન જિનાલય યુક્ત જિનમંદિર છે. તેમાં એક દેરીમાં શ્રી મણિભદ્ર યક્ષની મોટી મૂર્ત્તિ છે, તેમનાં દર્શન તથા માનતા કરવા માટે દૂર દૂરના લોકો આવે છે. તેમજ કાલંદ્રીથી મેડા આવતાં માર્ગમાં ડોડુઆ અને વેલાંગડી ગામનાં જિનાલયોનાં પણ દર્શનનો લાભ લઈ શકાય છે.

અહીંની યાત્રા-દર્શન આદિ કરીને પાછા **સિંદરથ** અથવા **મેડા** પહોંચી જવું. આમ કરવાથી જો કે એક દિવસમાં આઠ માઇલનો વિહાર તો કરવો પડે, પરંતુ શ્રાવકોની સહાયતા વિના પણ યાત્રા થઇ શકે છે.

સંસારીઓએ બી. બી. એન્ડ સી. આઇ. (મીટરગેજ) ના **સજ્જનરોડ** (**પીંડવાડા**) સ્ટેશનથી **સિરોહી** આવવું જોઇએ. **સજ્જનરોડ**થી **સિરોહી**ની ૧૪ માઇલની પાકી સડક છે અને મોટર સર્વીસ ચાલુ છે. **સિરોહી**થી **હમીરગઢ** જવાય છે. અથવા **આબુરોડ** (**ખરાડી**) સ્ટેશનથી **આબુ** ઉપર ચડી આબુજીની યાત્રા કરી, તેની પશ્ચિમ તરફની તલેટીમાં ઊતરીને હણાદ્રા ગામે આવીને ત્યાંથી **હમીરગઢ** આવવું જોઇએ. **સીરોહી** અને **હણાદ્રા**માં ભાડાના વાહનો મળી શકે છે. ચોમાસા સિવાયના વખતમાં તો **સિરોહી**થી **અણાદરા**ની મોટર સર્વીસ ચાલે છે. **સિરોહી**થી જનારાઓએ **બાડેલી** ચોકીએ ઊતરવું જોઇએ. **સિરોહીથી બાડેલી** ચોકી સુધીનો મોટર ચાર્જ ૦-૧૦-૦ છે. **બાડેલી ચોકી**થી **હમીરગઢ**ની જૈન ધર્મશાળા આશરે બે માઇલ થાય છે. રસ્તો સારો છે. વચ્ચે એક નાનું ગામ આવે છે. **અણાદરા**થી જનારાઓએ **મેડા** ગામ છોડ્યા પછી **હમીરગઢ** જવાનો રસ્તો નજીક આવે ત્યાં ઊતરીને ત્યાંથી **હમીરગઢ** જવું જોઇએ. તેમજ ચોમાસા સિવાયના દિવસોમાં બી. બી. એન્ડ સી. આઈ (મીટરગેજ)ના **સરૂપગંજ** (**રોહિડારોડ**) સ્ટેશનથી (૧૬ માઇલ)

મેડા થઇને ( ૧૧ માઇલ ) કાલંદ્રી સુધીની મોટર સર્વીસ ચાલુ રહે છે, તે રસ્તે મેડા ઊતરીને ત્યાંથી ( ચાર માઇલ ) હમીરગઢ જઈ શકાય છે. આ રસ્તો પણ સારો છે. પેદળ, ઊંટ, ઘોડાં કે ગાડાં મારફતે ઉપર લખેલા દરેક રસ્તાથી હમીરગઢ જવા-આવવાવાળા સૌ કોઇએ ચોકીદાર જરૂર સાથે લેવો જોઇએ; ચોકીદાર લીધા વિના આવવા-જવાનું સાહસ ન જ કરવું. મોટરદ્વારા જનારા-આવનારાઓએ પણ મોટર સ્ટેંડ ( મોટરના સ્ટેશન )થી હમીરગઢ જતાં અને પાછા વળતી વખતે ચોકીદાર સાથે લેવાનું ચૂકવું નહીં. ભીલ કે મીયાણાનું ચોકીદાર તરીકે એક બાળક પણ તમારી સાથે હશે તો હજારોની મિલ્કત તમારી સાથે હશે તો પણ તમને કોઈ ચોર-ડાકુ-લૂંટારા હેરાન કરશે નહીં.

# પ્રકરણ ચોથું : હમીરગઢનાં જૈન મંદિરો

તેમાં

## ૧ આરસનું મુખ્ય મંદિર


જૈન ધર્મશાળાથી પહાડ તરફ થોડું આગળ ચાલતાં એક નીચી પણ વિસ્તારવાળી ટેકરી ઉપર આ મંદિર આવેલું છે. આ મંદિર સ્વચ્છ અને ફૂલગુલાબી રંગના મકરાણાનું (આરસનું) બનેલું બહુ સુંદર કારીગરીવાળું ભવ્ય અને મનોહર છે.

**મંદિરની રચના—**

કાળની ગતિ અબાધિત છે, તેની ભૂખ સર્વભક્ષી છતાં સદા અતૃપ્ત છે. તેણે હમીરગઢને તો પોતાના ઝપાટામાં લઇ લીધું, પરંતુ સ્વર્ગીય વિમાન સરખું આ ભવ્ય ભીમકાય મંદિર, સ્થિતિની પ્રબળતાએ તે કાળરાજાના મુખમાંથી જાણે બચી ન ગયું હોય ? તેમ આજ પણ તે પોતાની પૂર્વની જાહોજલાલી બતાવતું કંઇક અંશમાં ટકી રહ્યું છે.


જૈનોનું જીવન અત્યારે ભલે કલાવિહીન લાગતું હોય, પરંતુ તેમના પૂર્વજોનું જીવન તો કળા અને સંગીતથી

હમ્મીરગઢ જૈન તીર્થ



ભવ્ય વિશાળ શિખર સહિત આખા
જિનમંદિરનું રમ્ય દૃશ્ય

હમ્મીરગઢ જૈન તીર્થ



જિન મંદિરનું ભવ્ય પ્રવેશદ્વાર

વણાયેલું હતું, એમ જૈનોનાં પ્રાચીન મંદિરો અને પ્રાપ્ત થતી બીજી સામગ્રીઓ ઉપરથી કોઈ પણ અભ્યાસકને લાગ્યા વિના નહીં રહે.

કારીગરી અને કળામાં આબુ–દેલવાડાનાં આરસનાં પ્રાચીન ભવ્ય બે મંદિરોના સુંદર બાળક સમું આ મંદિર અત્યારે અહીં નિર્જન વનમાં એકલું–અટૂલું ઊભું છે. પર્વતની ઊંચી ટેકરી પર વિશાળ જગ્યામાં તે આવેલું છે. મકરાણાના ફુલગુલાબી વર્ણના સુંદર પથ્થરોથી તેનું ચણતર થયું છે. તેની કોતરણી, ભવ્યતા અને મનોહરતા દરેક યાત્રાળુને પોતાના તરફ જલદી આકર્ષે છે. મૂળ ગભારો, ગૂઢમંડપ (રંગમંડપ), નવ ચોકીઓ, ભમતીનો વિશાળ કોટ, તેના મુખ્ય દરવાજાની બન્ને બાજુએ મકરાણાથી બનેલી છ છ સુંદર દેરીઓ, અને કોરણીવાળું ઊંચું શિખર, આ બધી વસ્તુઓ તેની સુંદરતાને વધારે ઓપ ચડાવે છે. આબુ–દેલવાડાનાં જૈન મંદિરોનાં શિખરો સાદાં અને બેઠા ઘાટનાં છે, ત્યારે આ મંદિરનું શિખર ઘણું જ ઊંચું અને ઠેઠ આમલસાર તથા કલશ સુધી નકશીદાર મકરાણાના સુંદર પથ્થરોથી બનેલું છે. અર્થાત્ શિખરમાં ઠેઠ સુધી સુંદર કોરણી કરેલી છે.[૧૨]

૧૨. લોકોની માન્યતા છે કે–આવું મંદિર અત્યારે કરાવવામાં આવે તો ૩૦ થી ૪૦ લાખ રૂપિયા લાગી જાય અને છતાં કદાચ આની બરોબરી કરે તેવું મંદિર ન બની શકે.


## કોરણીમાં સુંદર દશ્યો—

આ મંદિરના મૂળ ગભારાની બહારની બાજુની દીવાલો-માંની કોરણીમાં પ્રભુજીની બેઠી મૂર્ત્તિઓ, કાઉસ્સગ્ગીયા (ઊભી મૂર્ત્તિઓ), આચાર્યો, મુનિરાજો, શેઠ–શેઠાણીઓ અને દેવ–દેવીઓ વગેરેની ઘણી જ તેમજ સુંદર મોટી મોટી મૂર્ત્તિઓ કોતરેલી છે.

આ મંદિરની બહારની બાજુમાં ચારે તરફની દીવાલોમાં ખુરશી( પ્લીંથ )થી નીચેના ભાગમાં ગજમાળ થરની ઉપરની પંક્તિમાં ચારે બાજુએ જાતજાતની નકશી અને સુંદર ભાવો(દશ્યો) કોતર્યાં છે, જે ઐતિહાસિક દૃષ્ટિએ પણ બહુ નોંધવા યોગ્ય છે.

તેમાં એક જગ્યાએ શ્રી **શાંતિનાથ** ભગવાન્, **મેઘ**-રથ રાજાના ભવમાં, કબૂતરને બચાવવા માટે સિંચાણાની શરત પ્રમાણે, કબૂતરના બદલામાં પોતાની જાતને આપવા તૈયાર થઈ ગયા હતા, તે દશ્યમાં સિંચાણો, ત્રાજવું, ત્રાજ-વાના એક પલ્લામાં કબૂતર અને કબૂતરની સામેના પલ્લામાં **મેઘરથ** રાજાનું બેસી જવું વગેરે દશ્ય અતિ સુંદર અને સ્પષ્ટ રીતે કોતરેલ છે. એક જગ્યાએ ચૌદ સ્વપ્નો કોતર્યાં છે. એક સ્થળે મુનિરાજ બેઠા બેઠા નવકારવાળી (માળા) ગણી રહ્યા છે. એક ઠેકાણે આચાર્ય મહારાજ વ્યાખ્યાન વાંચી રહ્યા છે–ઉપદેશ આપે છે, તેમની પાસે ઠવણી ઉપર સ્થાપનાચાર્ય છે, મુહપત્તિ હાથમાં છે,

હમ્મીરગઢ જૈન તીર્થ



વિશાળ રંગમંડપના ભવ્ય ઘુમ્મટનું અદ્‌ભુત કારીગરીવાળું
લોલક; જે આબુના જિનમંદિરોની કોરણીની યાદ આપે છે.

હમ્મીરગઢ જૈન તીર્થ



ભવ્ય શિખરની અદ્‌ભુત કોતરણીનું દૃશ્ય

તેમની પાસે એક મુનિ ઊભા છે, તેમના હાથમાં દોરો નાંખેલી તરપણી છે, અને કેટલાક શ્રાવકો પાસે ઊભા છે, આવું દૃશ્ય કોતરેલું છે. એક સ્થળે પાંચ પાંડવો કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા છે, તેમની પાસે (શત્રુંજય ઉપર રાયણ પગલાંની પાસે છે તેમ) સર્પ અને ગરુડ શાંત ચિત્તથી પાસે બેઠેલા કોતરેલા છે. એક સ્થાને એક મુનિરાજ મુહપત્તિ હાથમાં રાખીને બેઠેલા છે. વગેરે વગેરે ઘણા ભાવો કોતરેલા છે.

આ બધા ભાવોને ઐતિહાસિક દૃષ્ટિએ તપાસાય તો ઘણું જાણવાનું અને શિખવાનું મળે, ઘણી આંટી-ઘુંટીનો પણ ઉકેલ લાવી શકાય. દાખલા તરીકે ઉપર જણાવેલા મુનિરાજોના ભાવ(દૃશ્ય) ઉપરથી એ સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે કે વિ. સં. એક હજારથી સં. ૧૫૦૦ સુધીમાં, આ મંદિર બન્યું તે સમયમાં, સાધુઓ મુહપત્તિ હાથમાં રાખતા હતા, વ્યાખ્યાન વાંચતી વખતે પણ તેઓ મુહપત્તિ હાથમાં જ રાખતા હતા, તેમજ તેઓ દોરો નાંખેલી તરપણી, સ્થાપનાચાર્ય અને ઠવણી પણ રાખતા હતા.

## આ મંદિર કોણે અને ક્યારે બંધાવ્યું?

આ મંદિર કયા પુણ્યશાલી મનુષ્યે કયા પુણ્યયુગમાં બંધાવીને તેની પ્રતિષ્ઠા કયા સંવત્‌માં કયા શાસનપ્રભાવક આચાર્યજી પાસે કરાવી? તે સંબંધી કંઈ પણ મારા

જાણુવામાં આવ્યું નથી, કારણુ કે આ મંદિરમાંની બધી જિનમૂર્ત્તિઓ ઉત્થાપન કરીને બીજે ઠેકાણે લઈ ગયા છે, તેમ પબાસણુ (પદ્માસન) પણુ સુંદર હોવાથી અહીંથી બીજે ગામ લઈ ગયેલ છે. તેના ઉપર કદાચ આ મંદિર કરાવનાર, પ્રતિષ્ઠા કરનાર આચાર્યાદિ અને પ્રતિષ્ઠાની તિથિ વગેરેના લેખો કોતરેલા હોય પણુ તે બધી ચીજો તો અહીં નથી, અને તે બધી ચીજો કયાં છે? તેનો કોઈને પત્તો પણુ નથી, તેમજ ઉક્ત હકીકતવાળો એક પણુ લેખ આ મંદિરની દીવાલોમાં કે બારશાખાદિ કોઇ પણુ જગ્યાએ કોતરેલો નથી. તેથી આ મૂળ મંદિર સંબંધી કંઇ પણુ હકીકત જાણુવામાં આવી નથી. છતાં આ મંદિરમાંનાં ગોંખલા, દીવાલો, સ્તંભો અને દેરીઓની બારશાખો ઉપર; દેરીઓ તથા ગોંખલા કરાવનારાના તેમજ યાત્રા કરવા આવનારાના વિ. સં. ૧૫૫૦થી સં. ૧૫૫૬ સુધીના લેખો કોતરાયેલા છે. આ લેખોમાં આ મૂળ મંદિરના કરાવનાર કે પ્રતિષ્ઠા કરનાર સંબંધીનો કશો ઉલ્લેખ નથી, છતાં ઉપરના લેખોથી આ મંદિર ઉકત સંવત્ પહેલાં જ બનેલું છે, એમ ખાત્રીથી માની શકાય તેમ છે.

જો કે "જૈન સાહિત્ય સંશોધક", ખંડ ૧, અંક ૩માં પ્રગટ થયેલ "શ્રીવીરવંશાવલી" (પૃ. ૮)માં લખ્યું છે કે–"સંપ્રતિ રાજાએ હમીરગઢમાં શ્રી પાર્શ્વબિંબ પ્રાસાદ નિપજાવ્યો." તથા ઉકત "વીરવંશા-

વળી" માં (પૃષ્ઠ ૨૩ માં) લખ્યું છે કે–" શ્રીવીર પ્રભુજીથી ૨૯ મી પાટે થયેલ શ્રી **જયાનંદસૂરિજી** મહારાજના ઉપદેશથી **પ્રાગ્વાટ** મંત્રી **સામંતે**, મહારાજા **સંપ્રતિએ** કરાવેલ આ મંદિરનો વિ. સં. ૮૨૧ માં જીર્ણોદ્ધાર કરાવ્યો." પરંતુ આ પુસ્તિકાના બીજા પ્રકરણમાં **હમ્મીર**ગઢની 'ઉત્પત્તિ અને નામ' એ પેટા વિભાગમાં જણાવ્યા પ્રમાણે જ્યારે આ ગામ (હમ્મીરપુર) **દેવડા હમ્મીરે** વિ. સં. ૮૦૮ માં જ વસાવ્યું છે, તો પછી મહારાજા **સંપ્રતિએ** અહીં મંદિર બંધાવ્યાની અને મંત્રી **સામંતે** વિ. સં. ૮૨૧ માં તેનો જીર્ણોદ્ધાર કરાવ્યાની વાત બંધબેસતી થતી નથી. છતાં 'વીરવંશાવળી' માં આમ શા કારણથી લખાયું હશે? તે સમજાતું નથી. કદાચ 'વીરવંશાવળી'માં જણાવેલ વાત આ 'હમ્મીરગઢ' માટે ન હોય, પરંતુ બીજા જ કોઇ 'હમ્મીરગઢ' માટે હોય અથવા કદાચ 'વીરવંશાવલી' માં લખેલી હકીકત આ હમીરગઢના આ મંદિર માટે જ હોય તોપણ આ મંદિર **સંપ્રતિ** મહારાજાએ કરાવેલું હોય એટલું (આશરે ૨૨૫૦ વર્ષ જેટલું) પ્રાચીન તો જણાતું નથી જ. માટે એમ સમજવું જોઇએ કે આ સ્થળે **હમ્મીરપુર** વસ્યા પહેલાં બીજું કોઇ ગામ હશે, અને ત્યાં મહારાજા **સંપ્રતિએ** મંદિર બંધાવ્યું હશે. ત્યારપછી વિ. સં. ૮૦૮ માં ત્યાં **દેવડા હમ્મીરે** હમ્મીરપુર વસાવ્યું હશે, પછી ત્યાં કિલ્લો થવાથી તેનું નામ હમ્મીરગઢ પડ્યું તેથી ત્યારપછી

થયેલા 'વીરવંશાવળી'ના લેખકે "હમ્મીરગઢમાં **સંપ્રતિ** મહારાજાએ મંદિર બંધાવ્યું" એમ લખ્યું હોય, અને ત્યારપછી મંત્રી **સામંતે** વિ. સં. ૮૨૧માં આ મંદિરનો આમૂલચૂલ-નવેસરથી જીર્ણોદ્ધાર કરાવ્યો હોય તે વખતનું આ મંદિર હોય અથવા ત્યારપછી બીજા કોઈ પુણ્યશાલી ગૃહસ્થે જીર્ણોદ્ધાર કરાવ્યો હોય તે વખતનું આ મંદિર હોય, એમ જણાય છે.[13] આ મંદિરમાં અત્યારે એકેય મૂર્ત્તિ નથી, તદ્દન ખાલી છે.

**યાત્રાતીર્થ—**

પહેલા પરિશિષ્ટમાં આપેલા આ મંદિરના શિલા-લેખોથી એ પણ જાણી શકાય છે કે--આ મંદિરમાં મૂળ નાયકજીના સ્થાને તે વખતે શ્રી **જીરાવલા પાર્શ્વનાથ** પ્રભુજી બિરાજમાન હતા. એટલે કે આ મંદિર જીરાવલા પાર્શ્વનાથજીના સ્થાપનાતીર્થ તરીકે પ્રસિદ્ધ હતું.[14]

---

૧૩. આ મંદિરની બાંધણી અને ગજમાળ થર વગેરે જોતાં આ મંદિર કોઈ સમૃદ્ધ મહામંત્રીએ બંધાવ્યું હોવું જોઈએ, તેમજ આ ભવ્ય મંદિરની બાંધણી, ઘાટ, નકશી-કોરણી, તેમાં કોતરેલાં દશ્યો અને ગ્રંથોના ઉલ્લેખો વગેરે જોતાં આ મંદિર વિક્રમ સં. એક હજારની આસપાસમાં બનેલું અર્થાત્ લગભગ એક હજાર વર્ષનું પ્રાચીન હોય એમ લાગે છે.

૧૪. શ્રી શાંતિકુશલજીએ વિ. સં. ૧૬૬૭માં રચેલ "ગૌડીપાર્શ્વનાથ સ્તવન"ની ૧૨મી કડીમાં, આ ગામનું

અને એ જ કારણથી અહીં દૂરદૂરના દેશોથી પણ લોકો યાત્રા કરવા માટે આવતા હતા. **ખંભાત, માણુંદ અને પાટણના** શ્રાવકો અહીં યાત્રા કરવા આવ્યાના ઉલ્લેખો ઉપર જણાવેલા સં. ૧૫૫૦ ની આસપાસના શિલાલેખોમાં કોતરેલા છે. એટલે લગભગ સાડાચારસો વર્ષો પહેલાં જેમ આ સ્થાન તીર્થ ગણાતું હતું, તેમ અત્યારે પણ આ સ્થાન તીર્થસ્વરૂપ મનાય છે. ખાસ યાત્રા કરવા લાયક છે. એકાંત શાંતિનું સ્થાન હોવા સાથે કુદરતી દૃશ્યોથી રમણીય લાગે છે.

---

નામ 'હમીરપુર' અને અહીંના જિનમંદિરના મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન્ હોવાનું લખ્યું છે.

(જુઓ પ્રા. તીર્થમાલા સંગ્રહ, ભા.૧, પૃ.૧૯૯, ય. વિ. ગ્રંથમાલા)

તથા શ્રી ખુશાલવિજયજીના શિષ્ય શ્રી ઉત્તમવિજયજીએ સં. ૧૮૮૧ના ફાગણ વદિ ૨ ને દિવસે રચેલ ૨૧ કડીનો 'શ્રી પાર્શ્વનાથજીનાં ૧૦૮ નામનો છંદ' કે જે 'જૈન ધર્મપ્રકાશ' પુ. ૫૬, અંક ૧૦, પૃ. ૩૩૦ માં છપાયેલ છે, અને એ જ છંદ 'શ્રી સ્તુતિચતુર્વિંશિકા' માં પણ 'પુરુષાદાનીય શ્રી પાર્શ્વજિનનામમાલા' એ નામથી પ્રકટ થયેલ છે, તેમાં પણ આ ગામનું નામ 'હમીરપુર' અને અહીં મૂળ નાયકજી શ્રી પાર્શ્વનાથપ્રભુજી હોવાનું લખ્યું છે.

**હમીરપુરા પાસ પ્રણમું વળી નવલખા, ભીડભંજન પ્રભુ ભીડ ભાંગે**
**દુઃખભંજન અને ડોકરીયા નમું, પાસ જીરાવલા જગત જાગે ॥૯॥**

**શિલાલેખો—**

આ મંદિરમાંથી ગોખલાઓ, સ્તંભો અને દીવાલોમાં ખોદાયેલા કુલ પાંચ શિલાલેખો મળ્યા છે. તે બધા વિ. સં. ૧૫૫૦ થી વિ. સં. ૧૫૫૯ સુધીના છે. તેમાં ગોખલા અને દેરીઓ કરાવ્યાના તેમજ અહીં યાત્રા કરવા આવેલાઓના ઉલ્લેખો છે. આ બધા લેખો, ગુજરાતી અનુવાદ સાથે, પહેલા પરિશિષ્ટમાં આપવામાં આવ્યા છે. તે ઉપરાંત આ મંદિરમાં એક છૂટા પથ્થરમાં બે પંક્તિઓ કોતરેલી હતી, પણ તેમાં સંવત્ નહોતો તેમજ લેખ અધૂરો અને અસ્તવ્યસ્ત હતો, તેથી તે આમાં આપ્યો નથી. મૂળ મંદિર સંબંધી એકકે લેખ મળ્યો નથી.

**મૂલ નાયકજી**—ઉપર્યુક્ત પાંચ શિલાલેખોમાંથી બે શિલાલેખોમાં આ મંદિર શ્રી **જીરાવલા પાર્શ્વનાથજી**નું હોવાનું લખ્યું છે અને એકમાં 'જગન્નાથ-પ્રાસાદે' એમ લખેલ છે. તેમાં 'જગન્નાથ' શબ્દથી પણ શ્રી જીરાવલા પાર્શ્વનાથજીનું જ સૂચન કર્યું હોય, એમ લાગે છે. એટલે અત્યારે વિદ્યમાન આ મંદિર, તેના બંધાવનાર ભાગ્યશાળીએ શ્રી જીરાવલાજીની સ્થાપના તરીકે જ બંધાવ્યું હશે અને એ વખતથી જ તેમાં મૂળ નાયકજી તરીકે શ્રી જીરાવલા પાર્શ્વનાથજીની મૂર્ત્તિ બિરાજમાન કરી હશે, એમ લાગે છે. વિ. સં. ૧૫૫૯ પછી કાળક્રમે કોઇક વખત મૂળ નાયકજીની મૂર્ત્તિ બદલવાની જરૂર પડી હશે, ત્યારે શ્રી **જીરાવલા પાર્શ્વનાથજી**ના સ્થાને શ્રી

**ગોડી પાર્શ્વનાથજી**ની મૂર્ત્તિ પ્રતિષ્ઠિત (સ્થાપિત) કરી હશે. અથવા તો **જીરાવલાજી**ની મૂર્ત્તિ પાછળથી કાળક્રમે ગૌડીજીના નામથી પ્રસિદ્ધિ પામી હોય. ગમે તેમ હોય, પરંતુ આ પ્રદેશના લોકો અત્યારે આ મંદિરને શ્રી **ગૌડી** પાર્શ્વનાથજીનું મંદિર કહે છે, અને બીજા પરિશિષ્ટમાં આપેલ આ જમીનના પટ્ટા(દસ્તાવેજ)માં પણ આ મંદિરને 'ગોડીજીનું મંદિર' લખેલું છે. મતલબ કે આ મંદિર અત્યારે **ગોડીજી**ના મંદિર તરીકે પ્રસિદ્ધ છે.

**સિરોહી**ના વૃદ્ધ શ્રાવકો કહે છે કે—આ મંદિરના મૂળ નાયકજી શ્રી **ગોડી પાર્શ્વનાથજી**ની મનોહર મૂર્ત્તિ, **મુંબઈમાં પાયધુની** ઉપર આવેલા શ્રી **ગોડી** પાર્શ્વનાથજીના દેરાસરજીમાં મૂળ નાયકજી તરીકે સ્થાપન કરવા માટે આપવામાં આવી છે; તે અત્યારે પણ ત્યાં મૂલ નાયકજી તરીકે બિરાજમાન છે, અને ખૂબ જ ભક્તિભાવથી પૂજાય છે.

## (૨-૩) ટેકરી ઉપરનાં બીજાં બે મંદિરો

આરસના મુખ્ય મંદિરથી થોડે થોડે દૂર, પર્વતની નાની નાની પણ જુદી જુદી બે ટેકરીઓ ઉપર, બીજાં બે મંદિરો આવેલાં છે. આ બન્ને મંદિરો નાનાં અને સાદાં છે, પણ અખંડ ઊભેલાં છે. આ બન્ને મંદિરોમાંથી પણ પ્રભુજીની બધી મૂર્ત્તિઓ અને પબાસણ વગેરે પણ ઉત્થાપન કરીને બહાર ગામ આપી દેવામાં આવેલ છે.

અત્યારે આ બન્ને મંદિરો પણ સાવ ખાલી છે. " આ બન્ને મંદિરો અર્વાચીન છે અને સો એક વર્ષ ઉપર જોધપુરના ઓસવાળ જૈન દીવાન વગેરેએ બંધાવ્યાં છે" એવી દંતકથા હાલમાં પ્રચલિત છે. પરંતુ શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાલા, ભાવનગરથી પ્રગટ થયેલ 'શ્રી પ્રાચીન તીર્થમાલા સંગ્રહ'માં, શ્રીમાન્ જ્ઞાનવિમલસૂરિજી મહારાજે વિ. સં. ૧૭૫૫માં રચેલી 'તીર્થમાલા' છપાણી છે, તેની ઢાળ ૬, કડી ૫૨ (પૃ. ૧૩૮) માં આ ગામનું નામ 'હમીરપુર' આપ્યું છે, અને અહીં ચાર મંદિર વિદ્યમાન હોવાનું લખ્યું છે. એટલે આજથી લગભગ અઢીસો વર્ષો પહેલાં પણ અહીં ચાર મંદિરો વિદ્યમાન હતાં અને અત્યારે પણ એ ચારે ચાર વિદ્યમાન છે, એટલે આ બન્ને મંદિરો, સો એક વર્ષ લગભગમાં નવાં બન્યાં હોય તેમ લાગતું નથી, પણ તે વખતે આ બન્ને મંદિરોનો જીર્ણોદ્ધાર થયો હશે, એમ જણાય છે.

આ બન્ને મંદિરોની દીવાલો વગેરેમાં એકેય લેખ કોતરેલો નથી, કદાચ હશે તો જીર્ણોદ્ધાર કરાવતી વખતે ચૂનાના પ્લાસ્ટરમાં દાબી દીધા હશે. તેમજ અહીં મૂર્તિઓ, ગાદીઓ અને પદ્માસન (પબાસણ) પણ નથી, કે જેમાં લેખો હોવાની સંભાવના હોય છે. એટલે આ બન્ને મંદિરો કોણે અને કયારે બંધાવ્યાં છે, તે કંઇ જાણવામાં આવ્યું નથી. પરંતુ ઉપર્યુક્ત તીર્થમાલાથી તે

અઢીસો વર્ષથી વધારે જૂનાં છે, એટલું તો ચોક્કસ સાબિત થાય છે.

આ ત્રણે મંદિરોમાંની બધી મૂર્ત્તિઓ અને પદ્માસનો (પબાસણો) વગેરે આસપાસનાં ઘણાં ગામોમાં, જ્યાં જ્યાં આવશ્યકતા હતી ત્યાં, આપી દેવામાં આવેલ છે. તેમાંથી કેટલીક મૂર્ત્તિઓ અહીંથી દક્ષિણ દિશામાં દસ માઇલની દૂરી પર આવેલ **સીરોડી** ગામના દેરાસરજીમાં લઇ જવામાં આવી છે. પરંતુ ત્યાંની કઈ કઈ મૂર્ત્તિઓ હતી અને અહીંથી કઈ કઈ મૂર્ત્તિઓ ત્યાં લઈ ગયા? તેનો નિર્ણય કરવો અશકય છે. તેમજ અહીંની બીજી મૂર્ત્તિઓ તથા પબાસણો કયે કયે ગામ લઇ ગયા છે? તેનો પત્તો લાગવો પણ મુશ્કેલ છે. એટલે આ બન્ને દેરાસરો કયારે અને કોણે બંધાવ્યાં તે જાણી શકાયું નથી.

## (૪) રસ્તા ઉપરનું મંદિર

આ મંદિર, જૈન ધર્મશાલાએ પહોંચતાં પહેલાં જ, મેદાનમાં અને રસ્તા ઉપર આવેલું છે. આ મંદિર પણ નાનું અને સાવ સાદું હોવા છતાં બીજા, ત્રીજા નંબરના મંદિરોથી કાંઇક મોટું અને પ્રાચીન હોય તેમ લાગે છે. આ મંદિરમાં પણ મંદિર બંધાવનાર સંબંધીનો એકકે લેખ નથી, તેથી આ મંદિર કોણે અને કયા સંવત્માં બંધાવ્યું? તે ચોક્કસ રીતે જાણી શકાયું નથી. યદ્યપિ આ મંદિરમાં અત્યારે જિનચોવીશીનો આરસનો મોટો પટ્ટ અને આરસ-

ના બે મોટા કાઉસ્સગીયા વિદ્યમાન છે, તેના ઉપર અનુક્રમે વિ. સં. ૧૨૧૯,૧૩૪૬ અને ૧૩૪૬ના લેખો ખોદેલા છે, એટલે આ ત્રણે ચીજો પ્રાચીન છે. પણ તેમાં આ ગામનું કે આ મંદિરનું નામ નથી તેથી બીજે ગામથી કે અહીંના આરસના મંદિરમાંથી પાછળથી લાવીને અહીં પધરાવી હોય એવી કલ્પના પણ થઈ શકે. આ ત્રણે લેખોમાં બીજા કોઈ ગામનું નામ પણ નથી, એટલે કદાચ આ ત્રણે વસ્તુઓ અહીંના આરસના મંદિરમાં પધરાવવા માટે કરાવી હોય, અને તેમાં પધરાવી હોય, એમ પણ માની શકાય. પછી આરસના મંદિરમાંથી જ્યારે બધી મૂર્ત્તિઓ લઈ લેવામાં આવી હશે ત્યારે આ ત્રણે ચીજોને ત્યાંથી લાવીને આ મંદિરમાં પધરાવી હશે, એમ લાગે છે.

આ મંદિરનો ઘાટ, એની બાંધણી વગેરે જોતાં આ મંદિર ત્રણસો-ચારસો વરસથી વધારે જૂનું જણાતું નથી. કદાચ આ ઠેકાણે પહેલાં પ્રાચીન અને સુંદર મંદિર હોય અને પાછળથી જીર્ણોદ્ધારના વખતે સમયાનુસાર કોઈએ આવું સાદું મંદિર બંધાવ્યું હોય તો એ પણ સંભવિત છે.

આ મંદિરમાં મૂળ નાયકજીના સ્થાન પર પ્રભુજીની જે મૂર્ત્તિ બિરાજમાન છે, તેના પર લાંછન સ્પષ્ટ નથી, સાવ ઘસાઈ ગયેલ છે, એટલે તે કયા ભગવાનની મૂર્ત્તિ છે ? તેની ખાત્રી થતી નથી. પણ આ પ્રદેશના લોકો આ દેરાસરજીના મૂળ નાયકજી **શ્રી ગોડી પાર્શ્વનાથજી**

હોવાનું કહે છે અને માને છે. તીર્થમાલાએ। અને ગ્રંથો-માંથી આ શ્રી પાર્શ્વનાથ પ્રભુજીનું તીર્થ હોવાના ઉલ્લેખો મળે છે, તેમજ આરસના મુખ્ય મંદિરમાં પહેલાં શ્રી જીરાવલા પાર્શ્વનાથજી મૂળ નાયક હતા, પછી તેમાં કદાચ મૂળ નાયકજીના સ્થાન પર ગોડીપાર્શ્વનાથજી બિરાજિત થયા હશે. તેને લીધે આ મંદિરના મૂળ નાયકજીની પણ શ્રી ગૌડી પાર્શ્વનાથજી તરીકેની પ્રસિદ્ધિ ચાલુ રહી ગઈ હશે, એમ લાગે છે. મૂળ ગભારામાં બિરાજમાન મૂળ નાયકજી અને તેમની બન્ને બાજુની એક એક મૂર્ત્તિની બેઠકોમાં તેરમા સૈકાના લેખો ખોદેલા છે, પણ તે કૃત્રિમ-બનાવટી છે;[૧૫] અરાજકતાના સમયમાં, પ્રાચીન મૂર્ત્તિએ। પર, તે પ્રાચીન હોવાની પાકી ખાત્રી કરાવવા માટે, કોઇએ પાછળથી ખોદ્યા કે ખોદાવ્યા હોય તેમ તે લેખોની લિપિ અને ભાષા પરથી સ્પષ્ટ જણાય છે. માટે તે લેખો ઉપર વિશ્વાસ રાખવો યોગ્ય નથી. આ મૂર્ત્તિઓની પ્રાચીનતા સિદ્ધ કરે તેવા તેના પર સાચા લેખો નહીં હોવા છતાં, એ મૂર્ત્તિએ। ભવ્ય, આકર્ષક અને દર્શનીય છે.

આ દેરાસરજીના મૂળ ગભારામાં ઉપર જણાવેલી

---

૧૫. ઇતિહાસતત્ત્વવેત્તા શ્રીમાન્ પંન્યાસજી શ્રી કલ્યાણ-વિજયજી મહારાજ પણ આ ત્રણે લેખોને બનાવટી જ માને છે. આ ત્રણે લેખો બનાવટી હોવાથી મેં ઉતાર્યા નથી, અને પહેલા પરિશિષ્ટમાં બીજા લેખોની સાથે આ ત્રણ લેખો આ પુસ્તકમાં આપ્યા પણ નથી.

આરસની ત્રણ જ મૂર્તિઓ છે, મૂળ ગભારા બહાર એટલે ગૂઢમંડપમાં આરસની મોટી મૂર્ત્તિ ૧ છે, તથા આરસના મોટા કાઉસ્સગ્ગીયા ( ઊભી મૂર્તિઓ ) ૨ છે, આરસનો જિન–ચોવીશીનો પટ્ટ ૧ દીવાલ સાથે લગાવેલો છે. (ઉપર કહેવામાં આવ્યું તેમ આ ત્રણે વસ્તુઓ ઉપર અનુક્રમે વિ. સં. ૧૩૪૬, ૧૩૪૬ અને ૧૨૧૯ ના લેખો ખોદેલા છે.) ધાતુની પંચતીર્થી ૧ અને અંબિકાદેવીની આરસની મૂર્ત્તિ ૧ છે. આ દેરાસરજીનો જીર્ણોદ્ધાર કરાવવાની ખાસ જરૂર છે.

## પ્રકરણ પાંચમું : જીર્ણોદ્ધાર

આગળનાં પ્રકરણોમાં આપણે જોઈ ગયા, તે પરથી વિક્રમની અઢારમી શતાબ્દિના પૂર્વાર્દ્ધ સુધી તો આ શહેરની જાહોજલાલી સારી જ રહી હશે એમ જણાય છે. એટલે લગભગ એ જ સમયમાં ઔરંગઝેબ બાદશાહની ફોજોનાં આક્રમણોથી આ શહેર ભાંગ્યું હોવું જોઇએ. છતાં, ટેકરી પરનાં બીજા–ત્રીજા નંબરનાં મંદિરોની હકીકતમાં જણાવ્યા પ્રમાણે, તેમજ વિ. સં. ૧૭૫૫માં શ્રીમાન્ જ્ઞાનવિમલસૂરિજીએ રચેલી તીર્થમાળામાં જણાવ્યા પ્રમાણે, તે વખતે અહીં ચાર મંદિરો વિદ્યમાન હતાં, તેમજ તે અરસામાં તે આચાર્યશ્રી બીજા મુનિરાજો સહિત અહીં યાત્રા કરવા પધાર્યા જ હશે, એટલે તે વખતે અહીં શ્રાવકોની વસ્તી પણ હશે એમ અનુમાન થઈ શકે છે. ત્યારપછી, એટલે વિ. સં. ૧૭૫૫ પછી, આ ગામની વિશેષ પડતી થઈ હશે, અને કાળક્રમે વસ્તી ઘટવા માંડી હશે, ઉચ્ચ કોમની વસ્તી બીજાં સુરક્ષિત શહેરોમાં રહેવા ચાલી ગઈ હશે અને ભીલ, મીયાણા વગેરે પણ આ પહાડી સ્થાનને છોડીને અહીંથી એક માઈલ દૂર મેદાનમાં અને ચાલુ રસ્તાની નજીકમાં મીરપુર ગામ

વસાવીને ત્યાં રહેવા ચાલ્યા ગયા, એમ લાગે છે. એટલે આ સ્થાન તદ્દન ઉજ્જડ અને નિર્જન બન્યું. એટલે મકાનો અને ઝૂંપડાઓ પણ ધીમે ધીમે જમીનદોસ્ત થઈ ગયાં અને ટેકરી ઉપર બનેલો મજબૂત કિલ્લો પણ ચારે તરફથી જીર્ણશીર્ણ થઈ ઠેકાણે ઠેકાણે ખંડિયેરરૂપ બન્યો. આ પ્રમાણે કાળની કુટિલતાથી આ ભવ્ય શહેરનો કરુણ અંત આવ્યો. આ કાળરાજાના ઝપાટામાંથી નીતિના દ્રવ્યથી બનેલાં ફક્ત ચાર જૈન મંદિરો, એક જૈન ધર્મશાળા, એક નાનું શિવાલય અને એક પ્રાચીન મોટી વાવડી, આટલી ચીજો જ બચી જવા પામી છે. હમીરગઢ ભાંગ્યા પછી આ મંદિરોની સારસંભાળ **સિરોહી**ના શ્રીસંઘના આગેવાનો રાખતા હતા. પણ વાતવાતમાં લડાઈ, ચોર–ડાકુ–લૂંટારાનો ત્રાસ, અને 'મારે તેની તલવાર' જેવા અંધાધુંધીના જમાનામાં નિર્જન સ્થાનમાં, પહાડની ટેકરીઓ પર આવેલાં આ મંદિરોમાંની મૂર્ત્તિઓનું રક્ષણ કરવું મુશ્કેલીભરેલું લાગ્યું હશે, તેથી **સિરોહી**ના શ્રીસંઘે અહીંનાં ટેકરીઓ ઉપરનાં ત્રણે મંદિરોની મૂર્ત્તિઓ અને પબાસણો વગેરે જે જે ગામનાં દેરાસરોમાં જરૂરી હતાં ત્યાં ત્યાં આપવા માંડયાં. જિન–ચોવિશીનો આરસનો મોટો પટ્ટ તથા આરસના મોટા બન્ને કાઉસ્સગ્ગીયા, આરસના મંદિરમાંથી લાવી તે નીચેના મંદિરમાં પધરાવ્યા. આસપાસના કેટલાંક ગામના સંઘો પોતાના ગામના દેરાસરજીમાં જોઇતી મૂર્ત્તિઓ તથા પબાસણો વગેરે પોતાની મેળે

પણ અહીંથી લઇ ગયા. તેમજ આ સ્થાનની પાસે થઈને પસાર થનારા કેટલાક વણઝારાઓ પોતાની પોઠોમાં છુપાવીને કેટલીક મૂર્ત્તિઓ લઈ ગયા. તેમણે કિંમતથી બીજાં ગામોના શ્રાવકોને મૂર્ત્તિઓ વેચી દીધી. કેટલીક મૂર્ત્તિઓ ચોરાઇ પણ ગઇ.[૧૬] પરિણામે સિરોહીના શ્રીસંઘે ટેકરી ઉપરનાં આ ત્રણે મંદિરો સાવ ખાલી જ રાખવાનું ઉચિત ધાર્યું; ફક્ત નીચેના રસ્તા પરના એક દેરાસરજીમાં જ મૂર્ત્તિઓ સુરક્ષિત રાખી અને તેની પૂજા વગેરેની વ્યવસ્થા રાખી. છતાંય સિરોહીથી દૂર, નિર્જન અને એકાંત સ્થાનમાં આવેલાં આ મંદિરોની સાર–સંભાળ રાખવામાં વચ્ચે વચ્ચે વખતો વખત ખામી આવવા લાગી, અને વચ્ચે કોઈ કોઈ વાર નધણિયાતા જેવું પણ થઈ ગયું હશે. એમ કેટલાંક વર્ષો પસાર થયા બાદ, લગભગ ૪૫ વર્ષ પહેલાં, સિહોહીના કેટલાક પુણ્યશાળી શ્રાવકોને આ તીર્થનો ઉદ્ધાર કરવાની ભાવના જાગ્રત થઈ તેથી તેમણે પ્રયાસ કરીને સિરોહી દરબારના મુખ્ય–નજીકના ભાયાત નાંદીયાના ઠાકોર સાહેબ પાસેથી આ ચારે મંદિરો, ધર્મશાલા અને બગીચાની જમીન તથા તેની આસપાસની બધી જમીન ફરી વાર કિંમત આપી

---

૧૬. પહેલાં ચોરાઈ ગયેલી મૂર્ત્તિઓમાંથી સર્વધાતુની એકલ મૂર્ત્તિ ૧ અને સર્વધાતુની ચોવીશી ૧ પાછી મળી આવી હતી. આ બન્ને મૂર્ત્તિઓ હાલમાં સિરોહીના મંદિરમાં રાખી છે.

ખરીદી લઇને તેનો પાકો પટ્ટો (દસ્તાવેજ) વિ. સં. ૧૯૫૯માં કરાવી લીધો. તેની નકલ બીજા પરિશિષ્ટમાં ગુજરાતી ભાષાંતર સાથે આપવામાં આપી છે. પછી તે ભક્ત શ્રાવકોએ આ તીર્થસ્થાનનું કંઇક સમારકામ વગેરે કરાવી, પૂજા-પાઠની સારી વ્યવસ્થા કરવા માંડી. વખત જતાં તેમાં પણ શિથિલતા આવવાથી સિરોહીના 'શ્રી મહાવીર જૈન મિત્રમંડલ'ના ઉત્સાહી યુવકોએ આ કામ હાથમાં લીધું: ધર્મશાલાનું જરૂર પૂરતું સમારકામ કરાવી કેટલીક ઓરડીઓને કમાડ કરાવ્યાં, પૂજારી તથા ચોકીદારો ત્યાં રાત પણ રહી શકે તેવી વ્યવસ્થા કરીને પૂજારી તથા બે ચોકીદારો કાયમ ખાતે ત્યાં રાખવાનું ચાલુ કર્યું, આસપાસના લોકો ત્યાં યાત્રા કરવા આવે એવો પ્રચાર કરવા માંડ્યો, અને કોઈ વિદ્વાન મુનિરાજો સિરોહી આવે તો તેમની સાથે જઇને તેમને 'હમીરગઢ'-ની યાત્રા કરાવવા લાગ્યા. આમ ઠીક ઠીક કામ ચાલવા લાગ્યું. કેટલાંક વર્ષો બાદ આમાં પણ પાછી શિથિલતા આવી. 'શ્રી મહાવીર જૈન મિત્રમંડલ'ના કેટલાક ઉત્સાહી યુવકો કમાવા માટે પરદેશ ચાલ્યા ગયા. સિરોહીમાં હતા તેમાંથી પણ કેટલાક પોત-પોતાના વ્યાપાર-ધંધામાં લાગી ગયા. છતાં સિરોહીના ભક્તજનો, સિરોહી-ના સંઘના તથા ઉક્ત મંડળના ઉત્સાહી યુવકોને એમ તો લાગ્યા જ કરતું હતું કે:-

કાળની કુટિલતાથી નષ્ટ થયેલ આ સ્થાન અને આ

અલૌકિક મંદિરો અત્યારે પુનર્જન્મ માંગી રહ્યાં છે. જો થોડાં વર્ષો સુધી સ્વર્ગીય વિમાન જેવા આરસના આ મંદિરનો અને બીજાં ત્રણે મંદિરોનો પણ પુનરુદ્ધાર કરાવવામાં નહીં આવે તો કાળરાજાના ઝપાટામાંથી બચી ગયેલાં આ ચારે મંદિરો પણ પાછાં કાળરાજાના મુખમાં સપડાઇ જશે-નષ્ટ થઈ જશે; માટે આ તીર્થનો પુનરુદ્ધાર કરાવવો બહુ જરૂરી છે. પરંતુ જો કોઇ જવાબદાર સંસ્થા કે વ્યક્તિ આ કામ હાથમાં લે, તો આ કામ આસાની-થી થઈ શકે, સહાયતા આપનારા ગૃહસ્થો નિર્ભયતાથી સહાયતા આપી શકે અને કામ નિર્વિઘ્નપણે પૂર્ણ થઇ શકે. માટે તેઓ એવી માતબર સંસ્થાઓ અને ધનાઢ્ય ગૃહસ્થોને પ્રેરણા કરતા રહેતા હતા. તેવામાં આબુવાળા યોગીરાજ શ્રીવિજયશાંતિસૂરિજી મહારાજનો સમાગમ થવાથી ઉત્સાહી યુવકોએ આ માટે તેમને વિનતિ કરી. આ વિનતિ ધ્યાનમાં લઇને તેમણે સિરોહીના સંઘને ઉપદેશ કર્યો. તેઓશ્રીના ઉપદેશથી સિરોહીના શ્રીસંઘની 'શેઠ કલ્યાણજી પરમાનંદજી' નામની પેઢીએ 'હમીરગઢ' તીર્થનો વહીવટ પોતાના હાથમાં લીધો, અને હાલ તુર્તમાં અહીંના આરસના મુખ્ય મંદિરનો જીર્ણોદ્ધાર કરાવવાનું નક્કી કરીને એક અપીલ બહાર પાડીને સિરોહી-ની આસપાસના તથા સિરોહી રાજ્યના જોરા-મગરા પ્રાંતના ધનાઢ્ય શ્રાવકો પાસેથી મદદ મેળવવા માંડી.

સં. ૧૯૯૫ના માહ શુદિ ૧૦ થી આરસના મુખ્ય

મંદિરનો જીર્ણોધ્ધાર કરાવવાનું કામ ચાલુ કર્યું. શેઠ કલ્યાણજી પરમાનંદજીની પેઢી તરફથી સિરોહીવાળા શા પૂનમચંદજી વોહિત્રા અને શા ખુશાલચંદજી મરોડીયાની દેખરેખ નીચે કામ ચાલવા લાગ્યું. આશરે ચારેક વર્ષ સુધી કામ ચાલ્યું. આરસના મંદિરમાંનું જરૂરી બધુંય કામ કરાવી લીધું, ધર્મશાલાથી આરસના મંદિર સુધીનો રસ્તો સાફ કરાવ્યો; ધર્મશાલા, અરટ (મોટો કૂવો) અને બગીચાનું સમારકામ કરાવીને તેને ચાલુ સ્થિતિમાં-વપરાશવાળી સ્થિતિમાં મૂકી દીધેલ છે. બગીચાનાં પુષ્પો પ્રભુપૂજામાં ઉપયોગમાં આવે છે. અહીંની ધર્મશાલા આશરે એક હજાર માણસ ઊતરી શકે એટલી વિશાળ છે. જીર્ણોધ્ધાર માટે લગભગ અઢાર હજાર રૂપિયાની સહાયતા મળી હતી. લગભગ તે બધી રકમ ખર્ચાઇ ગઇ છે. રસ્તા પરના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવવાની ખાસ જરૂર છે. તેમજ બીજું થોડું થોડું કામ પણ બાકી છે. એટલે હજુ આશરે પાંચેક હજારની સહાયતાની ખાસ જરૂર છે. વિશ્વયુધ્ધને લીધે થયેલી ભયંકર મોંઘવારીને લીધે હાલમાં જીર્ણોધ્ધારનું કામ બંધ કરી દીધેલ છે. એકાદ વર્ષમાં સોંઘારત થયા પછી અને ઉપર જણાવેલી સહાયતા મળવાથી અધૂરું રહેલું જીર્ણોધ્ધારનું કામ પૂરું કરાવી લેવાની સિરોહીની પેઢીના કાર્યવાહકો ખાસ ઇચ્છા રાખે છે. માટે ભાગ્યશાળી દાનવીરોએ આ જીર્ણોદ્ધારના કામ માટે શેઠ કલ્યાણજી પરમાનંદજીની પેઢી મુ. સિરોહી, (રાજપુતાના)-આ સરનામે સહાયતા મોકલી આપવી.

## પ્રકરણ છઠ્ઠું

# દેખરેખ અને વ્યવસ્થા

આ જૈન તીર્થધામની દેખરેખ અને વ્યવસ્થા, સિરોહીના જૈન શ્વેતાંબર મૂર્ત્તિપૂજક સંઘ તરફથી, શેઠ કલ્યાણજી પરમાનંદજીની પેઢી રાખે છે. તેના ઉત્સાહી કાર્યવાહકોએ આ કાર્ય હાથમાં લઇ, પ્રયાસ કરી, ધનાઢ્યો પાસેથી આર્થિક સહાય મેળવી, જીર્ણોદ્ધારનું કામ ચાલુ કરાવીને ઉજ્જડ જેવા થઈ ગયેલ આ તીર્થધામને ચાલુ સ્થિતિમાં મૂકી દીધું છે. ધર્મશાલા, કૂવો, બગીચો વગેરેનું સમારકામ થઇ ગયું છે. હવે અહીં યાત્રાળુઓ રાત રહેવું હોય તો ખુશીથી રહી શકે છે; જેટલા દિવસ રહેવું હોય તેટલું આનંદથી રહી શકે છે. ૨ ચોકીદારો, ૧ પૂજારી, ૧ નોકર, ૧ માળી એમ પાંચ માણસો અહીં કાયમ ખાતે રહે છે. આ સ્થાન જંગલમાં હોવા છતાં યાત્રાળુ-ઓની યથાયોગ્ય-સાધન પ્રમાણે-સગવડતા સચવાય છે. વાસણો, ગાંદલાં, ગોદડાંની યાત્રિકો માટે વ્યવસ્થા રાખેલી છે. પહેલેથી ખબર આપવાથી માગણી પ્રમાણે દરેક જાતની સગવડતા કરાવી અપાય છે. સાધુ-સાધ્વીજીઓની કાર-ખાનાના માણસો સાર-સંભાળ તેમજ આહાર-પાણીની

વ્યવસ્થા રાખે છે. અહીં નજીકમાં સારું ગામ અને મોદીની દુકાન નહીં હોવાથી સીધું-સામાન મળી શકતું નથી, માટે યાત્રાળુઓએ સીધું સામાન સાથે લાવવું જોઈએ. આ સિવાય બીજી જે જે સગવડો જોઇએ તે તે સગવડો કરાવી આપવા માટે અગાઉથી શેઠ કલ્યાણજી પરમાનંદજીની પેઢીને સિરોહી ખબર આપવા જોઇએ.

અહીં યાત્રાળુઓની અવર-જવર છે, પણ તે ખાસ કરીને સિરોહી અને સિરોહી રાજ્યનાં ગામોના જૈનોની જ છે, કેમકે દૂર દૂરના પ્રાંતોમાં-દેશોમાં આ તીર્થ હજુ પ્રસિદ્ધિમાં આવ્યું નથી. હવે આ પુસ્તિકાથી તથા બીજા બીજા પ્રયાસોથી જેમ જેમ આ તીર્થ પ્રસિધ્ધિમાં આવતું જશે, તેમ તેમ દૂરના યાત્રિકો પણ અહીં આવતા રહેશે. જેમજેમ યાત્રાળુઓની સંખ્યા વધતી જશે, તેમ તેમ કાર્યવાહકો સગવડતાનાં સાધનો વધારતા રહેશે.[17]

---

૧૭. હમીરગઢથી પશ્ચિમ દિશામાં ચાર માઇલ દૂર 'વેલાંગડી' નામનું ગામ છે. ત્યાં જૈન દેરાસર, ઉપાશ્રય અને શ્રાવકોની વસ્તી છે. ત્યાંના વિદ્યાપ્રેમી શ્રાવકોએ પ્રયાસ કરીને ત્યાં એક વિદ્યાલય ખોલ્યું છે. વિદ્યાલયની બોર્ડીંગમાં ૬૦ વિદ્યાર્થીઓ બહાર ગામના છે, અને હજુ વધારે ભરતી થવાની સંભાવના છે. તેમજ ગામના ૭૦ છોકરાઓ વિદ્યાલયમાં ભણે છે. સિરોહી-ના ઉત્સાહી કાર્યવાહકોની પ્રેરણાથી આ વિદ્યાલયના કાર્યવાહકો-એ આ વિદ્યાલયને હમીરગઢ લઈ જઈને કાયમ ખાતે ત્યાં જ રાખવાનું સ્વીકાર્યું છે. હમીરગઢની ધર્મશાલાનાં મકાનોની

અત્યારે આ તીર્થમાં વાર્ષિક ખર્ચ બારસો રૂપિયાનો છે, જ્યારે આવક માત્ર બસો રૂપિયાની જ છે. દર વરસે એક હજાર રૂપિયાનો ટોટો પડે છે. આ ટોટો ન પડે તે માટે યાત્રાળુઓએ ખાસ ધ્યાન આપવાની જરૂર છે. તેમજ અહીં હજુ મંદિરોના જીર્ણોધ્ધાર માટે તથા ધર્મ-શાળામાં વાસણ, ગોદડાં, ગાદલાં અને બીજી સગવડો વધારવા માટે સાધારણ ખાતામાં આર્થિક સહાયતાની ખાસ આવશ્યકતા છે. ધનાઢ્ય શ્રાવકોએ પોતાનો ઉદાર હાથ આ તરફ લંબાવવાની જરૂર છે.

સંસારનાં દુઃખોથી, વ્યાપારાદિની ચિંતાઓથી, અને કૌટુંબિક આધિ–વ્યાધિ–ઉપાધિથી કંટાળેલા મનુષ્યોને

---

ઉપર એક માળ તૈયાર થઈ જશે, કે તરત જ વિદ્યાલય હમીર-ગઢ લઈ જવામાં આવશે. આ વિદ્યાલય, તેના શિક્ષકો અને નોકરો વગેરે કાયમખાતે હમીરગઢમાં રહેવાથી યાત્રાળુઓનું આવાગમન વધતું જશે અને યાત્રાળુઓની તથા સાધુ–સાધ્વી-ઓની સગવડતા પણ સારી રીતે સચવાશે, અને તેથી હમીર-ગઢના આ તીર્થધામની આબાદી અને જાહોજલાલી હમેશાં વધતી જશે. માટે દાનવીર–સખી ગૃહસ્થોએ અહીંની ધર્મશાળા-ના ઉપરના માળનાં મકાનો બંધાવવા માટે ઘણી જ તાકીદથી, કોઈની પ્રેરણા ન હોય તો પણ, પોતાની મેળે જ, સહાયતા મોકલી આપવાની ઉદારતા દાખવીને આ તીર્થભક્તિના કાર્ય-થી અપૂર્વ પુણ્ય ઉપાર્જન કરવા માટે ભાગ્યશાળી થવું.

જો અમુક દિવસો કે અમુક સમય સુધી શાંતિ મેળવવાની ભાવના થઇ હોય, પ્રભુભક્તિ અને ધર્મકાર્યોમાં તલ્લીન થવાથી ઇચ્છા થઇ હોય અને આધ્યાત્મિક ઉન્નતિ પ્રાપ્ત કરવા માટે શાંતિથી ધ્યાન, શુભ ભાવના કે શુભ વિચારો કરવાની ઉત્કંઠા થઇ હોય તો તેમને માટે આ તીર્થધામ એકાંત શાંતિમય હોવાથી વિશેષ ઉપયોગી થઇ પડે તેવું છે. વળી પર્વતની ટેકરીઓ, ઝાડી, જંગલ વગેરે કુદરતી દૃશ્યોથી પણ આ સ્થાન રમણીય છે. માટે આ તીર્થની યાત્રાનો લાભ અવશ્ય લેવા લાયક છે.

આ તીર્થને અંગે કંઈ પણ સૂચનાઓ કરવી હોય, મદદ મોકલવી હોય, સગવડ કરવા માટે જણાવવું હોય, વગેરે દરેક કાર્યો માટે નીચેના સરનામે લખવું યા રૂબરૂ મળવું—

શ્રીમાન્ શેઠ કલ્યાણજી પરમાનંદજીની પેઢી

ઠે. દેરાશેરી મુ. **સિરોહી.**

( રાજપુતાના )

## ઉપસંહાર

સિરોહીરાજ્યમાં અને સિરોહી નજીકમાં આવેલ હમ્મીરગઢ (હમ્મીરપુર)નું તથા ત્યાંનાં જિનાલયોનું ઐતિહાસિક વર્ણન મને જેટલું પ્રાપ્ત થયું તેટલું મેં આ પુસ્તિકામાં આપ્યું છે. પણ હું માનું છું ત્યાં સુધી તે ઘણું અધૂરું છે. હમ્મીરગઢની ઉત્પત્તિ–એ કોણે અને ક્યારે વસાવ્યું? ક્યારે અને શા કારણથી તેનો નાશ થયો? હમ્મીરગઢના રાજાઓની વંશાવળી શું છે? વગેરે વગેરે ઘણી બાબતો હજુ સુધી અપ્રાપ્ત છે. માટે વિદ્વાનો અને સજ્જનોને પ્રાર્થના છે કે જેઓને આ પુસ્તિકામાં જેટલી હકીકત આપી છે, તેથી વધારે હકીકત પ્રાપ્ત થાય તથા હમ્મીરગઢનાં જિનાલયોને લગતા તથા શ્રી હમ્મીરગઢ સ્થિત **જીરાવલા પાર્શ્વનાથ** પ્રભુજી સંબંધી કલ્પો, સ્તોત્રો, સ્તુતિઓ, છંદો, ચૈત્યવંદનો, સ્તવનો આદિ જે કાંઈ વસ્તુઓ પ્રાપ્ત થાય તે, તેઓ આ પુસ્તિકાના લેખક અથવા પ્રકાશકને અવશ્ય જણાવવાની કૃપા કરે, જેથી તેની યોગ્ય તપાસ કરીને તેને બીજી આવૃત્તિમાં દાખલ કરી દેવામાં આવે.

આ તીર્થની કાર્યવાહક કમીટીને એક ભલામણ કરવામાં આવે છે કે–આ તીર્થમાં સૌને અનુકૂળ પડે તેવા દિવસોમાં એક મેળો સ્થાપવો જોઇએ. મેળો સ્થાપન થવાથી તે દિવસે મેળામાં આસપાસનાં લગભગ બધાંય ગામોના સંઘો અને આગેવાનો આવે; તેઓની સાથે મેળાપ,

વાર્તાલાપ અને આ તીર્થની ઉન્નતિ માટે વિચારોની આપ-લે થઈ શકે, અને તીર્થને પ્રસિદ્ધિમાં લાવવા માટેના શક્ય હોય તેટલા ઉપાયો યોજવા માટેની વિચારણા થઈ શકે. આ તીર્થના મૂલનાયકજી શ્રી **પાર્શ્વનાથ** પ્રભુજીનો જન્મ પોષ વદિ ૧૦ (ગુજરાતી માગશર વદિ ૧૦) અને દીક્ષા પોષ વદિ ૧૧ ( ગુજરાતી માગશર વદિ ૧૧ ) ને દિવસે થયેલ હોવાથી આ બે દિવસોનો મેળો સ્થાપવામાં આવે તો તે બહુ જ અનુકૂલ થઈ પડે એમ મને લાગે છે. છતાં સિરોહી તથા આસપાસનાં ગામોના સંઘોને ઉપર્યુક્ત બે દિવસો અનુકૂલ ન જ જણાતા હોય તો શ્રી **પાર્શ્વ**પ્રભુજીનું ચ્યવન અને કેવળજ્ઞાન, આ બે કલ્યાણકો ચૈત્ર વદિ ૪( ગુજરાતી ફાગણ વદિ ૪ )ને દિવસે થયેલ હોવાથી ચૈત્ર વદિ ૪નો એક દિવસનો મેળો સ્થાપવો જોઈએ. આ કાર્ય જરૂર કરવા લાયક છે.

આ પુસ્તિકા વાંચી ભવ્ય આ તીર્થની યાત્રાનો વારંવાર લાભ લેવા પ્રેરાશે, બીજાઓને તેમ કરવા પ્રેરશે, અને તેથી આ તીર્થની ઉન્નતિ, જાહોજલાલી તથા પ્રસિદ્ધિમાં વધારો થશે તો હું મારો આ લઘુ પણ ઘણા વરસોથી શરૂ કરેલો પ્રયાસ સફળ થયો એમ માનીશ.

અંતમાં આ તીર્થ પુનઃ પૂર્વવત્ જાહોજલાલી અને અભિવૃદ્ધિ-આબાદી પ્રાપ્ત કરવા સાથે ભવ્ય પ્રાણીઓને સંસારસમુદ્રથી તારવામાં-મુક્તિ અપાવવામાં-પ્રવહણ સમ બનો એવી મહેચ્છા ધરાવવા સાથે હું મારું લખાણ અહીં સમાપ્ત કરું છું. **ॐ शान्तिः शान्तिः शान्तिः**

## પરિશિષ્ટ ૧

### હમ્મીરગઢનાં જૈન મંદિરોના શિલાલેખો.

[ ૧ ]×

[ રસ્તા પરના મંદિરમાંના આરસના ચોવીસપટ્ટ ઉપરનો લેખ ]

संवत् १२१९ आषाढ सुदि १० रवौ श्रे०....
...........चतुर्विंशति [ : ] कारिता प्रतिष्ठिता
श्रीचन्द्रसिंहसूरिभिः ॥

સંવત ૧૨૧૯ અષાડ સુદિ ૧૦ રવિવારના દિવસે શ્રેષ્ઠી..........એ ચૌવીસ તીર્થંકરોનો આરસનો પટ્ટ કરાવ્યો, અને તેની શ્રી ચંદ્રસિંહસૂરિજીએ પ્રતિષ્ઠા કરી.

[ ૨ ]

[ રસ્તા પરના મંદિરમાંના પહેલા કાઉસગ્ગીયા ઉપરનો લેખ. ]

संवत् १३४६ वर्षे फागु(ल्गु)ण सुदि २ सोमे
श्रे० बोहरि भा० अच्छिणि पु० लोगा भा० कडू पु०
श्रे० समधर भा० लाडी पु० पूंनमाल भा० २ चांपल
ताल्हू पु० देवपाल—मदन—कमसीह—श्रे० आसपाल

---

×અહીં આપવામાં આવેલ શિલાલેખોમાંના નંબર ૧–૨–૩ વાળા શિલાલેખો ઇતિહાસતત્ત્વવેત્તા પંન્યાસજી શ્રીકલ્યાણવિજયજી મહારાજના સૌજન્યથી પ્રાપ્ત થયા છે.

भा० लाछू पु० महिपाल भा. ललत [एतैः] पितु [:] मातु [:] श्रयोऽर्थं श्रीशान्तिनाथदेव [बिम्बं का०] प्रतिष्टि(ष्ठि)तं श्रीचंद्रसिंहसूरिसंतानीय श्रीपूर्णचन्द्र सूरिशिष्यैः श्रीवर्धमानसूरिभिः ।

સંવત ૧૩૪૬ ફાગણ શુદિ ૨ સોમવારના દિવસે શેઠ બોહરિની ભાર્યા અચ્છિણિના પુત્ર લોગાની ભાર્યા કડૂના પુત્ર સમધરની ભાર્યા લાડીના પુત્ર પૂંનમાલની બે સ્ત્રીઓ—૧ ચાંપલ ૨ તાલ્હૂના પુત્ર ૧ દેવપાલ ૨ મદન ૩ કર્મસિંહ ૪ શેઠ આસપાલ, શેઠ આસપાલની ભાર્યા લાછૂના પુત્ર મહિપાલની ભાર્યા લલત, એઓએ પોતાનાં માતાપિતાના કલ્યાણ માટે શ્રી શાન્તિનાથ ભગવાનની ઊભી મૂર્તિ કરાવી અને તેની પ્રતિષ્ઠા શ્રી ચંદ્રસિંહ-સૂરિજીની પરંપરાના શ્રીપૂર્ણચંદ્રસૂરિજીના શિષ્ય શ્રી વર્ધમાનસૂરિજીએ કરી.

[ ૩ ]

[ રસ્તા ઉપરના મંદિરમાંના કાઉસ્સગ્ગીઆ પરનો લેખ. ]

संवत् १३४६ वर्षे फागु(ल्गु)ण सुदि २ सोमे श्रे० बोहरि भा. अच्छिणि पु. लोगा भा. कडू पु० श्रे० समधर भा. लाडी पु. पूंनमाल भा. २ चांपल ताल्हू

पु. देवपाल-मदन-कर्मसीह-श्रे. आसपाल भा. लाछू पु. महिपाल भा. ललत [एतैः] श्रीअजितस्वामिदेव [बिंबं का०] श्रीचन्द्रसिंहसूरिसंतानीय श्रीपूर्णचन्द्रसूरि-शिष्यैः श्रीवर्धमानसूरिभिः प्रतिष्ठितं ॥ श्रीः ॥

સંવત ૧૩૪૬ ફાગણ શુદિ ૨ સોમવારના દિવસે શેઠ બોહરિની ભાર્યા અચ્છિણિના પુત્ર લોગાની ભાર્યા કડૂના પુત્ર શેઠ સમધરની ભાર્યા લાડીના પુત્ર પૂંનમાલન એ સ્ત્રિઓ-૧ ચાંપલ ૨ તાલ્હૂના પુત્ર ૧ દેવપાલ ૨ મદન ૩ કર્મસિંહ અને ૪ આસપાલ, આસપાલની ભાર્યા લાછૂના પુત્ર મહિપાલની ભાર્યા લલત, એઓએ શ્રી અજિતનાથ ભગવાનની ઊભી મૂર્તિ કરાવી, અને તેની પ્રતિષ્ઠા શ્રી ચંદ્રસિંહસૂરિજીની પરંપરાના શ્રી પૂર્ણચંદ્ર-સૂરિજીના શિષ્ય શ્રીવર્ધમાનસૂરિજીએ કરી.

[ ૪ ]

[આરસના મંદિરના મૂળ ગભારામાં જતાં ડાબા હાથ તરફનો લેખ]

ॐ संवत् १५५० वर्षे माघशुदि ४ भोमे श्री-पत्तनवासत(स्त)व्य ओसवालज्ञाती[य] भैलडीया शाह राजा सुत सा. महिराज सुत सा. वच्छासुत देवकरणनी ओलग ॥ तत संगी सि(मि)त्र अ......

( धारू ) रीडानी ओलग ओसवाल वुहरा पुंजा सुत अमीपाल सुत कुरानी ओलग ॥ श्री श्रीमालज्ञाती[य] सं. हासा सुत सं. अदानी ओलग संव्वत(त्) १५५० वर्षे फाग(ल्गु)ण स(शु)दि १ दिने निणेरवा सूत सोनी समरा स(सु)त सो. सामा.........(नी ओलग)

સંવત ૧૫૫૦ ના માઘ શુદિ ૪ મંગલવારના દિવસે શ્રી પાટણના રહેવાસી ઓસવાલજ્ઞાતીય ભીલડીયા શાહ રાજાના પુત્ર શાહ મહિરાજના પુત્ર શાહ વચ્છાના પુત્ર દેવકરણની ઓલગ.* તેની સાથે આવેલા મિત્ર....( અધારૂ )રીડાની ઓલગ. ઓસવાલ જ્ઞાતીય વહોરા પુંજાના પુત્ર અમીપાલના પુત્ર કુરાની ઓલગ. શ્રી શ્રીમાલજ્ઞાતીય સંઘવી હાસાના પુત્ર સંઘવી અદાની ઓલગ. સંવત્ ૧૫૫૦ના ફાગણ શુદિ ૧ દિન નિણેરવા-ના પુત્ર સોની સમરાના પુત્ર સોની સામા....(ની ઓલગ.)

[ ૫ ]

[ આરસના મંદિરના ગૂઢ મંડપમાં સામે સામે રહેલા બન્ને ગોખલાનો લેખ. ]

स्वस्त(स्ति) श्री संवत् १५५२ वर्षे पोस(ष) वदी ७ सोमे श्री वृ(बृ)हत(त्त)पापक्षीय भ. धर्मरत्नसूरी-

* ઓલગ=સેવા-ચાકરી-તાબેદારી.

णामुपदेशेन श्रीस्तंभतीर्थवास्तव्य [:] श्री उपकेश-वृद्धशाखायां सा. नाथा भा. बा. हेमी सुता जीवी भ. शिवा तया निजपितृस्वसु [:]............वग(र्ग) श्रेयोऽर्थं श्रीजीरावल्लीशप्रासादे आलकद्वयं कारित(तं)॥

સ્વસ્તિ શ્રી સંવત ૧૫૫૨ પોષ વદી ૭ સોમવારના દિવસે શ્રી બૃહત્તપાગચ્છીય ભટ્ટારક શ્રીધર્મરત્નસૂરિજીના ઉપદેશથી શ્રી સ્તંભતીર્થ-ખંભાતના રહેવાવાલા શ્રી વીશા ઓસવાલ જ્ઞાતીય શાહ નાથાની ભાર્યા બાઈ હેમીની પુત્રી જીવીના પતિ શિવા. તે બાઈ જીવીએ પોતાની ફૂબા આદિ કુટુંબના કલ્યાણ માટે શ્રી જીરાવલી પાર્શ્વનાથ પ્રભુજીના મંદિરમાં બે ગોખલા કરાવ્યા.

[ ૬ ]

[ આરસના મંદિરના મુખ્ય દરવાજામાં પ્રવેશ કરતાં જમણા હાથની દીવાલમાં લાગેલા થાંભલાનો લેખ. ]

संवत(त्) १५५२ वरखे(र्षे) चैत्र शुदि ७ सोमे ......................( अदेह प्री—अद्येह श्री ?) पत(त्त)न मधे( मध्ये ) सः थामानी बेटी बाई करमीनी बेटी बाई नाथी श्री श्री............................

સંવત ૧૫૫૨ ચૈત્ર શુદિ ૭ સોમવારે............

( આજ ? શ્રી ) પાટણુનિવાસી, સંઘવી થામાની પુત્રી બાઈ કરમીની પુત્રી બાઈ નાથી શ્રી શ્રી....................

( શ્રાવિકા નાથી કદાચ અહીં યાત્રા કરવા આવેલ હશે અથવા તેણે આ સ્તંભ કરાવ્યો હશે, તેનો આ લેખ હશે. )

[ ૭ ]

[ આરસના મંદિરમાં જમણા હાથ તરફની પહેલી દેરીની બારશાખ ઉપરનો લેખ. ]

सं. १५५६ वर्षे वैशाष(ख) सुदि १३ रवौ प्राग्वाट ज्ञातीय सं. वाछा भार्या सं० वीजलदे सुत सं० कान्हा कुतिगदे जांणी देसी सुत सं०.......(रत्न)पाल भार्या करमाई......(नाम्न्या) स्वभर्तृश्रेयसे श्रीजीरावला श्रीपार्श्वनाथप्रासादे देवकुलिका कारिता वृद्धतपापक्षे श्रीउदयसागरसूरीणामुपदेशेन ॥ सं० करमाई सुता मांगी प्रणमति। सं० कान्हा सुता...... (प्रक्रमती ?) सुता करमाइ नित्यं पार्श्वं प्रणमति ॥

સંવત ૧૫૫૬ વૈશાખ સુદિ ૧૩ રવિવારે પોરવાડ જ્ઞાતીય સંઘવી વાછાની ભાર્યા સંઘવણ વીજલદેના પુત્ર સંઘવી કાન્હાની સ્ત્રીઓ ૧ કુતિગદે ૨ જાંણિ ૩ દેસી, તેના પુત્ર સંઘવી રત્નપાલની ભાર્યા કરમાઈએ પોતાના

પતિના કલ્યાણ માટે બૃહત્તપાગચ્છીય શ્રીઉદયસાગર સૂરિજીના ઉપદેશથી શ્રીજીરાવલા પાર્શ્વનાથ ભગવાનના મંદિરમાં દેહરી કરાવી. સંઘવણ કરમાઈની પુત્રી માંગી પ્રણામ કરે છે. સંઘવી કાન્હાની પુત્રી........... (प्रक्रमती ?) ની પુત્રી કરમાઈ હમેશાં પાર્શ્વનાથ ભગવાનને પ્રણામ કરે છે.

[ ८ ]

[ આરસના મંદિરમાં જમણા હાથ તરફની દેરી નં. ૫-૬ ઉપરનો લેખ. ]

सं० १५५६ वर्षे द्वितीय ज्येष्ट (ष्ठ) शुदि १ शुक्रे ॥ महाराज श्री राणाजी प्रा (प्र) सादात् ॥ प्राग्वाटज्ञातीय संघवी सम[रा] भार्या......(समरा) दे पुत्ररत्न संघवी सचवीर भार्या पदूमाई पुत्ररत्न संघवी देवा सु(स्व)कुटुंबयुतेन स्वश्रेयसे श्रीजगन्नाथ-प्रासादे श्रीदेवकुलिका कारापिताः(ता) ॥ भट्टारक प्रभुश्री हेमविमलसूरिभिः प्रतिष्टि(ष्ठि)ता ॥ संघस्य शुभं भवतु ॥

સંવત ૧૫૫૬ બીજા જયેષ્ઠ શુદિ ૧ શુક્રવારે મહા-

રાજ શ્રી રાણાજીની કૃપાથી પોરવાડજ્ઞાતીય સંઘવી સમરાની ભાર્યા............(સમરા)દે ના પુત્રરત્ન સંઘવી સચવીરની ભાર્યા પદ્મમાઈના પુત્રરત્ન સંઘવી દેવા, આદિ પોતાના કુટુમ્બથી યુક્ત સંઘવી સચવીરે પોતાના કલ્યાણ માટે શ્રી જગન્નાથ (જીરાવલા પાર્શ્વનાથ ભગવાન)ના મંદિરમાં દેરી કરાવી અને તેની પ્રતિષ્ઠા ભટ્ટારક પ્રભુ શ્રી હેમવિમલસૂરિજી મહારાજે કરી.

## પરિશિષ્ટ ૨

### પટ્ટાની અસલ ઉપરથી નકલ.

नंबर ४६

मोहर
ठिकाणा
नांदिया

सवत श्रीराजसाहेबांजी जेतसीगजी कुवरजी श्रीअसलसीगजी वसनाएतु गांम मीरपुरमें मीदर ४ सार है सो मीदरां तालके बगीसो है सो जमीन इनाएत करदीनी हे मीदरां तालके तणरी बाजुआंरी वीगत

१ पुरव दीसाने मोटो मीदर श्रीगोडी पारसनाथजी महाराजरो हे

२ पसम दीसाने श्रीमाहादेवजीरो मीदर ताा वालोतक

३ दकण दीसाने श्रीमाताजीरा भाकर तक ताा डुगरावारा भाकर तक

४ उतर दीसाने आडारा भाकर तक बालातक उपर माफक जमीन इनाएत कीणी तणरी कीमतरा रू ७१) ओकोतर भीलाडी में रोकडा ले दीइ हे सो आ जमीन बगीसो श्री देरासररो माल हे कोइ उतापन करे तो वणने श्रीसारणेसरजी पुससी । आप दतंग परदतंग जे लोपती वसुधरा ते नर नरकां जावती जव्रांतक चंदेव करंग १९५९ जेठ वद ८ ताा १९ मेइ स १९०३

दाा कांा सा भेरां छे दाा जैतसींघजी

साक १ कोटरी तेजा पनाजीरी छे दा. तेजरा छे

साक १ सा नेमा बजीगजीरी छे पोतारा हुकमसे

साख १ सा जीवा तेजाजी आतरी छे

साख १ सां गुलाबसंद लखमाजी श्रीजीरा हुकमसुं

## ઉપરના દસ્તાવેજનું ગુજરાતી ભાષાંતર

નંબર ૪૬

મોહર
ઠિકાના૧
નાંદિયા

સ્વસ્તિ શ્રીરાજસાહેબજી શ્રીજેતસિંહજી તથા કુંવરજી શ્રીઅચલસિંહજી વચનાયેતાં–ના શાસનમાં, ગામ મીરપુરમાં ચાર જિનમંદિરો તથા બગીચો છે. તે જમીન અર્પણ કરી દીધી છે. મંદિરો તથા બગીચાની ચતુર દિશા (ચાર દિશા)ની વિગત આ પ્રમાણે છેઃ–

૧ પૂર્વદિશામાં મોટું મંદિર શ્રીગોડીપાર્શ્વ-નાથજીનું છે.

૨ પશ્ચિમદિશામાં શ્રી મહાદેવજીના મંદિર તથા વાળા (નાલા) સુધી.

૩ દક્ષિણદિશામાં શ્રીમાતાજીની ટેકરી તથા ડુંગરાવા ટેકરી સુધી.

૪ ઉત્તર દિશામાં આડાની ટેકરી તથા વાળા (નાળા) સુધી.

૧. નાંદિયાના ઠાકોર, સિરોહી રાજ્યના તદ્દન નજીકના ભાયાત છે. નાંદિયા અમુક ગામનો તાલુકો છે. હમ્મીરગઢનું આ સ્થાન અત્યારે નાંદિયાના ઠાકોરના તાબામાં નથી; સિરોહિ રાજ્યમાં ખાલસા છે.

ઉપર પ્રમાણેની જમીન, કિંમત રૂા. ૭૧) અંકે એકોતેર રૂપિયા ભીલાડી (ગામ)માં રોકડા લઇને આપી છે. માટે આ જમીન તથા બગીચો શ્રી મંદિરજીની મિલકત છે. તેને કોઇ ઉત્થાપન કરશે ( ઝૂંટવી લેશે ) તેને શ્રીસારણેશ્વરજી[2] પૂછશે. ( સારણેશ્વરજી તેની ખબર લેશે. )

પોતે કે બીજાઓએ દાન કરેલ ભૂમિ વગેરેનો જે લોપ કરે છે-પાછી ઝૂંટવી લ્યે છે, તેવા માણસો, સૂર્ય અને ચંદ્ર વિદ્યમાન રહે ત્યાં સુધી નરકમાં રહે છે.

સંવત ૧૯૫૯ના જેઠ વદિ ૮, તા. ૧૯ મે ૧૯૦૩ ઇસ્વીસન

દઃ કારકુન સા. ભેરાના છે. દઃ જેતસીંગજી

શાખ ૧. કોઠારી તેજા પનાજીની છે. દઃ તેજાના છે.

શાખ ૧. શા. નેમા વજીંગજીની છે. પોતાના હુકમથી.

શાખ ૧ શા. જીવા તેજાજીની છે.

શાખ ૧ શા. ગુલાબચંદ લખમાજી. શ્રીજીના હુકમથી.

(ઉપર જણાવેલ મીરપુરનાં ચાર જિનમંદિરો અને ધર્મશાળા સહિત બગીચો વગેરેનો વહીવટ, શેઠજી કલ્યાણજી પરમાનંદજીની પેઢી મુ. સીરોહીની કમીટી તથા પંચ મહાજન કરે છે.)

૨. શ્રીસારણેશ્વરજી મહાદેવને સિરોહીના રાજવંશીય ચૌહાણ રાજપૂતો પોતાના કુલદેવ-ઇષ્ટદેવ માને છે.

મુનિરાજ શ્રીજયંતવિજયજીકૃત તીર્થ
વર્ણનના બે ઐતિહાસિ ગ્રંથ

**આબુ:** ગિરિરાજ આબુ અને તે ઉપરનાં જગવિખ્યાત જિનમંદિરોની સમગ્ર માહિતી આપતો, પ્રવાસી અને યાત્રાળુને અત્યંત ઉપયોગી ૭૫ સુંદર ચિત્રોયુક્ત સચિત્ર ગ્રંથ. ગ્રંથ હિન્દી અને ગુજરાતી બન્ને ભાષામાં જુદો જુદો છાપવામાં આવ્યો છે.

મૂલ્ય–અઢી રૂપિયા

**અચલગઢ–** ગિરિરાજ આબુના એક ભાગ સમા અચલગઢનાં દર્શનીય સ્થાનો અને જિનમંદિરોનું વર્ણન આપતો, સોળ સુંદર ચિત્રો યુક્ત ગ્રંથ.

મૂલ્ય––સવા રૂપિયો

શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા

ગાંધીચોક : ભાવનગર (કાઠિયાવાડ)

જૈન આગમ, તત્ત્વજ્ઞાન, ન્યાય, વ્યાકરણ,
સાહિત્ય, વિધિવિધાન, ક્રિયાકાંડ તથા
પ્રકરણાદિ વિષયોનાં ગૂજરાતી, હિન્દી,
સંસ્કૃત, પ્રાકૃત તેમજ અંગ્રેજી
ભાષાનાં પ્રાચીન-અર્વાચીન
પુસ્તકો મેળવવાનું ઉત્તમ
સ્થાન—

શ્રી

# યશોવિજયજી જૈન ગ્રંથમાળા

ગાંધીચોક, ભાવનગર ( કાઠિયાવાડ )

જૈન સાહિત્ય ઉપરાંત સામાન્ય સાહિત્ય-ગ્રંથો પણ માગણી મુજબ પૂરા પાડવામાં આવે છે.

હાલમાં બહાર પડેલ સુંદર પ્રકાશન

આબૂના સિધ્ધહસ્ત લેખકની નવી સુંદર કૃતિ

## અચળગઢ ( સચિત્ર )

લેખકઃ–મુનિરાજશ્રી જયંતવિજયજી મહારાજ

ઇતિહાસને પ્રવાસની માહિતી સાથે જગવિખ્યાત

મંદિરોનો સંપૂર્ણ વૃતાંત

કિંમત સવા રૂપીઓ

દર્શન પૂજામાં રાખવા યોગ્ય દર્શનીય અચળગઢનું

## ચિત્ર આલબમ

કિંમત ફકત પાંચ આના

## શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા

ગાંધીચોક, ભાવનગર ( કાઠિયાવાડ )